
# આત્મધર્મ

માસિક : વર્ષ-૬ ❀ અંક-૧૦ ❀ જૂન, ૨૦૧૨



લાખ વાતની ને અનંતવાતની આ એક વાત છે કે 'હું જ્ઞાયકમૂર્તિ છું' એમ દૃષ્ટિમાં લે ! એવો નિશ્ચય કર ! ત્યાં વ્યવહારનું લક્ષ અને આદર છૂટી જશે અને ત્રિકાળી જ્ઞાયકભાવનો આદર થશે તેથી તને આનંદ અને શાંતિ થશે. આ મારગ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જહાં અપને રાજ્યાદિ ન્યાયકાર્યકી સિદ્ધિકે અર્થિ માયા કરૈ હૈ, પહલાકે ઠિગનેકૈં અર્થિ માયા નાહીં કરે હૈં. વા અપના ધન, સમ્પદા, પ્રાણાદિ રાખનેકે અર્થિ માયા કરે હૈ વા અપને ધર્મ રાખનેકી અર્થિ માયા કરૈ હૈ, સો ભી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવકી યોગ્યતા સહિત કરૈ હૈ. પરાયા ધન, પ્રાણ, સ્ત્રી સંપદાદિ હરણૈકે અર્થિ માયા નાહીં કરૈ હૈ ઈત્યાદિ માયા કરૈ હૈ સો અપ્રત્યાખ્યાન–માયાભાવ જાનના. ૧૨૭૬.

*(શ્રી દીપચંદજી, ભાવદીપિકા, પાનું–૬૫)*

❀ જે જીવ તત્ત્વની પઢી–સુણી વાતો કરીને પોતાને તત્ત્વજ્ઞ માની બેસે છે તે તો બાળક છે અને જે ઝાઝી વાતો કરવાનું છોડીને અંતરમાં સદાય આત્મ-અનુભૂતિના આનંદનો સ્વાદ લ્યે છે તે મુનિનાયક છે. ૧૨૭૭.

*(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક–૪૭)*

❀ સાંસારિક વિષયોની અભિલાષા તથા કર્મોદયથી ઉત્પન્ન થવાવાળા અનેક પ્રકારના દુઃખ તથા કર્મમળનો નાશ કરવામાં જે સમર્થ છે તે ભાવતીર્થ સમજવું જોઈએ અર્થાત્ ભાવતીર્થના સેવનથી સાંસારિક અભિલાષા નષ્ટ થાય છે, કર્મજન્ય દુઃખનો નાશ થાય છે તથા કર્મમળનો ક્ષય થાય છે. આ ત્રણ ગુણ ભાવતીર્થમાં છે. અહીં જિનેશ્વરે કહેલ બાર અંગરૂપ શ્રુતજ્ઞાનને ભાવતીર્થ સમજવું. ૧૨૭૮.

*(શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, ષટ્ આવશ્યક–અધિકાર, ગાથા–૭૨)*

❀ જો પુરુષ ઈન્દ્રિયસમૂહકો વશ નહિ કરકે સાક્ષાત્ મોક્ષ (કર્મ-રહિત) હોના ચાહતા હૈ વહ દુર્બુદ્ધિ અપને મસ્તકકી ટક્કર લગાકર પર્વતકો તોડના ચાહતા હૈ. ઐસી અવસ્થામેં ઉસકા મસ્તક હી ફૂટેગા પર્વત તો કિસી પ્રકાર ફૂટેગા નહીં. ૧૨૭૯.

*(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૨૦, શ્લોક–૩૧)*

❀ શ્રી જિનેન્દ્રને ચક્ષુદર્શનકો કહા હૈ. નિશ્ચયસે જ્ઞાનચક્ષુસે આત્માકો દેખના હી ચક્ષુદર્શન હૈ વહી આંખ હૈ જો આત્મજ્ઞાનકા દર્શન કરે. ભેદવિજ્ઞાનપૂર્વક આત્મજ્ઞાનકા જો, અભ્યાસ કરના હૈ યહી અભ્યાસ સાધન હૈ જિસસે આત્મારૂપી કમલ કર્મોંસે છૂટકર અપને સ્વભાવમેં પ્રફુલ્લિત હો જાતા હૈ. ઐસા શ્રી જિનેન્દ્રને કહા હૈ. ૧૨૮૦.

*(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું–૭૭)*

વર્ષ-૬
અંક-૧૦




સંવત
૨૦૬૮
June
A.D. 2012

# નિશ્ચય-વ્યવહારરૂપ આરાધના વિના મનુષ્યભવ નિષ્ફળ છે

a b a b a b a b a b a b a b a b

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૬૨ તા. ૩-૭-૬૫)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રનો બીજો અધિકાર છે. ૧૩૨ ગાથા લેવાની છે.

હવે, પૂર્વોક્ત વિષય-સામગ્રીને અનિત્ય જાણીને, ધન, યૌવન અને વિષયોની તૃષ્ણા ન કરવી જોઈએ એમ કહે છે. એટલે કે પોતાનો શુદ્ધાત્મા કે જે સમ્યગ્દર્શનનો વિષય છે તે સિવાય અન્ય બધી સામગ્રીને અનિત્ય જાણીને, વિષયોને અધ્રુવ જાણીને તેની તૃષ્ણા ન કરવી જોઈએ—એમ યોગીન્દુદેવે પોતાના શિષ્યને સંબોધીને કહે છે તેમાં સામાન્યપણે બધાને આ ઉપદેશ લાગુ પડે છે.

जे दिट्ठा सुरुग्गमणि ते अत्थवणि ण दिट्ठ।
ते कारणिं वढ धम्मु करि धणि जोव्वणि कउतिट्ठ॥१३२॥

અર્થ :—હે શિષ્ય! જે કોઈ પદાર્થ સૂર્યોદય વખતે જોયા હતાં તે સૂર્યાસ્ત સમયે જોવામાં આવતાં નથી, નષ્ટ થઈ જાય છે માટે તું ધર્મનું પાલન કર! ધન અને યૌવન અવસ્થામાં તૃષ્ણા નહિ કર!

તું જુએ છે કે શરીર, દીકરા-દીકરી, મકાન-દુકાન, ધન-વૈભવ આદિ જેને સવારે જોયા હતાં તે સાંજ પહેલાં નષ્ટ થતાં પણ જોવામાં આવે છે, કારણ કે તે બધા અનિત્ય છે—અધ્રુવ છે. ધન, યૌવન આદિ બધું વિનાશિક છે. સવારે જે કરોડપતિ હતો, ધનના ઢગલા વચ્ચે બેઠો હતો તે જ સાંજે ભિખારી થતો જોવામાં આવે છે. એક કરોડપતિ માણસ સવારે

ઘોડાગાડી લઈને ઘરે કહીને ફરવા નીકળ્યો હતો, ફરીને ઘેર પાછો આવ્યો ત્યાં એવો ધરતીકંપ થયેલો કે મકાન, ઘરના, ઘરવખરી બધું ખલાસ થઈ ગયું. ક્ષણમાં મોટો ફેરફાર થઈ ગયો. નાશવાન ચીજમાં શું હોય! ધ્રુવ એક પોતાનો આત્મા છે કે જેમાં કદી તડ પણ પડે તેમ નથી. નિત્ય ધ્રુવ આત્મા—ભૂતાર્થ આત્મા ધરતીકંપમાં જમીનમાં સમાઈ જાય તેમ નથી.

કેટલાક માણસો સવારે ઉઠ્યા હોય પણ સાંજે સૂતા નથી તો કોઈ સાંજે સૂતા હોય પણ સવારે ઉઠતાં નથી. રાતના જ મરણ આવી જાય છે. એક મોટો જજ હતો જેને ત્રણ કરોડનો તો બંગલો હતો. તેમાં રાતના સૂતેલો પણ સવારે ઉઠ્યો નહિ. ઘરના ઉઠાડવા ગયા ત્યાં કાંઈ ન મળે. નાશવાન ચીજમાં અવિનાશીપણું ગોતવા જાય તો ક્યાં મળે? અવિનાશી ભગવાનને અંદર જો ને ભાઈ! ચૈતન્યધાતુ ત્રિકાળ અવિનાશી છે. જેણે ચૈતન્યને અંતરમાં ધારી રાખ્યો છે એવા આત્મામાં જો! નજર કર! નાશવાન શરીરમાં તો ક્ષણમાં નીરોગતા ને ક્ષણમાં રોગ આવીને ઊભા રહે છે. એક ભાઈને ગૂમડું થયું હતું તેને જરાં નખથી ખોતર્યું, ત્યાં તો આખા શરીરમાં સેપ્ટીક થઈ ગયું, માણસ ખલાસ થઈ ગયો. શરીરની અવસ્થા ક્યારે ફરી જશે કાંઈ ખબર પડે છે! પરમાણુની પર્યાય ફરવી તે કાંઈ તારે આધીન છે! ધરતીકંપ આવે ત્યાં લાખોના મકાનને ધક્કા લાગી જાય છે. સારાં સારાં મકાનમાં તડ પડી જાય છે. ૯૪ની સાલમાં પાળિયાદમાં ભૂકંપ થયો હતો તેનો ધક્કો રાણપુર સુધી લાગ્યો હતો. નાશવાન પદાર્થમાં ક્યારે કઈ ક્ષણમાં શું થશે તેનો કોઈ ભરોસો નથી.

અહીં તો અવિનાશી ભગવાન ચિદાનંદ ધ્રુવ ધાતુ છે તેના શરણે શાંતિ મળે તેવું છે. માટે તેની દૃષ્ટિ કર! બાકી ક્યાંય શાંતિ મળે તેમ નથી. ધાણી ફૂટે તેમ ફટ ફટ માણસો મરી જાય છે. સ્ત્રી, પુત્ર, પરિવાર બધું ખલાસ થઈ જાય છે.

ભગવાન યોગીન્દુદેવ કહે છે કે હે આત્મા! આ બધા સંયોગને વિનાશિક જાણીને તારા શાંત, આનંદ, જ્ઞાનસ્વભાવી અવિનાશી આત્માની દૃષ્ટિ કરીને તેમાં સ્થિરતા કર! ધર્મનું પાલન કર! યૌવન અવસ્થામાં ધનનો અને કામનો રસ ચડી જાય છે તેથી તેને કહે છે કે આવી તૃષ્ણા કેમ કરી રહ્યો છો? એ તો બધું નાશવાન છે.

ભાવાર્થ :—ધન, ધાન્ય, મનુષ્ય, પશુ, આદિ પદાર્થ જે સવારના સમયે જોયા હતાં તે સાંજના સમયે નથી દેખાતા—નષ્ટ થઈ જાય છે. આ જુઓ ને! કૃષ્ણકુમાર ભાવસિંહજી દરબાર—ભાવનગરના રાજા! જેસલ-તોરલનું નાટક જોઈ રહ્યા હતા. તેમાં જેસલે બહુ પાપ કરેલાં અને તોરલ ઈશ્વરની ભક્ત હતી તેથી જ્યારે દરિયામાં તેની નાવ ડૂબવા લાગી ત્યારે

જેસલ કહે છે કે રાણી તોરલ! મેં તો મોટી જાનને લૂંટી હતી, હરણિયા ઘણાં માર્યાં છે, ઘણા પાપ કર્યાં છે માટે હવે નક્કી આ નાવ ડૂબવા લાગી છે. તેથી દરિયામાં ડૂબીને નરકમાં ચાલ્યો જઈશ! ત્યારે રાણી તોરલ કહે છે કે હે રાજા! તું તારા પાપનું પ્રાયશ્ચિત્ત કર! હું નાવને ડૂબવા નહિ દઉં, બચાવી લઈશ.

'પાપ તારું પરકાશ જાડેજા! ધરમ તારો સંભાળ રે, તારી બેડલીને ડૂબવા નહિ દઉં.

રાજા :—મેં મુગટબંધ રાજાને મારિયા, હરણના બચ્ચાને હણિયા, મારો ઉદ્ધાર કેમ થશે!

રાણી :—રાજન્! બોલ...બોલ....તારું હૃદય ખોલીને પાપનું પ્રાયશ્ચિત્ત કર ! હું તારી નાવને ડૂબવા નહિ દઉં...

અમે પણ નાની ઉંમરમાં ઘણા ભજનો આવા સાંભળતા હતા. હે આત્મા ! જાગ રે જાગ ! તારા પાપને તારા જ્ઞાનમાં પ્રકાશ! જો તો ખરો! આ પાપ....આ પાપ..... આ પાપ.... એમ જ્ઞાનમાં જો ! એ પાપ તારા સ્વરૂપમાં આવી ગયા નથી. પર્યાયમાં હતાં એને પાપરૂપ જાણીશ અને જ્ઞાનના સ્વરૂપમાં ઠરી જઈશ તો તારી નાવ ચોરાશીના અવતારમાં ડૂબશે નહિ. જેસલ-તોરલનું ગાયન સાંભળીને આવો ભાવ અમે અંદરમાં ઊતારતાં.

કૃષ્ણકુમારસિંહ આ ભજન સાંભળતાં હતાં, જરા એકાગ્ર પણ થઈ ગયા હતાં એમાંથી ઉઠ્યા ને અચાનક રાણીને કહે મને અસુખ...બેચેની થાય છે. ડૉક્ટરને બોલાવો...રાણી ટેલિફોન કરે ત્યાં તો રાજા ખલાસ થઈ ગયા. સવારે ઉઠ્યા હતા તે રાત્રે સૂતા પહેલાં ચાલ્યા ગયા. કોણ એને રોકી શકે? પ્રજાને બહુ પ્રિય હતા, આખી પ્રજા એને ઈચ્છે એવી તો એની સુવાસ હતી. ૮૦ની સાલમા અમે બોટાદ હતા ત્યારે ત્યાં આવ્યા હતા. હજી રાજગાદીએ બેઠેલા ન હતા પણ છતાં શેઠિયા બધાં રેલગાડીએ સામે લેવા ગયા હતા. ત્યારે કૃષ્ણકુમાર એમ બોલ્યા કે અરે! શેઠિયાઓ! મારા પિતાજીને આપે મહેરનજર કરીને નભાવ્યા છે એવી જ રીતે મહેરબાની કરીને મને નભાવજો; એટલા મીઠા હતા હું રાજનો કુંવર છું પણ નાનો છું માટે મને નભાવી લેજો...સ્થિતિ પૂરી થતાં ચાલ્યા ગયા...સવારે રાજમાં બેઠા હતા ને સાંજે પરલોકમાં.

યૌવન અવસ્થા હોય, શરીરમાં જેમ હોય, દૂધપાક આદિ ઊંચી મીઠાઈઓ ખાતો હોય પણ આયુ પૂરું થતાં એ જ શરીરના હાડકાં લાકડાં બળે તેમ બળી જાય, ઘાસની જેમ વાળ સળગી જાય કેમકે બધા સંયોગ અનિત્ય છે, અનિત્ય છે. તેથી આચાર્ય મહારાજ કહે છે કે પ્રભુ ! તું તારા ધ્રુવને સંભાળ ! જેણે ત્રિકાળ ચૈતન્યધાતુને ધારણ કરી રાખી છે એવા

ધ્રુવસ્વભાવને તું સંભાળી લે! ધન અને યૌવનની તૃષ્ણા છોડવા જેવી છે કેમકે એ તો પાણીના પરપોટાની જેમ ક્ષણભંગુર છે, તેની શું તૃષ્ણા ! ભગવાનની ભાવના કર ને! તેમાં જેટલી એકાગ્રતા કરીશ તેટલું એ નિધાન ખૂલે તેમ છે. ભગવાન આત્માનું નિધાન કદી ખૂટે તેવું નથી. માટે તું શ્રાવકનો અને યતિનો ધર્મ સ્વીકાર કર! सागारानगार धर्म कुरु !

અહીં કોઈ પ્રશ્ન કરે કે ગૃહસ્થ ધનની તૃષ્ણા ન કરે તો શું કરે? તેનો ઉત્તર :— નિશ્ચય-વ્યવહારરત્નત્રયના આરાધક જે યતિ તેની ગૃહસ્થોએ બધી રીતે સેવા કરવી જોઈએ.

જુઓ! નિશ્ચય એટલે અભેદ અને વ્યવહાર એટલે ભેદ, તેના આરાધક એટલે ભેદાભેદ રત્નત્રયના આરાધક એવો અર્થ છે. મુનિ વર્તમાનમાં જ નિશ્ચય ને વ્યવહારના આરાધક છે. પહેલાં વ્યવહાર અને પછી નિશ્ચય—એમ નથી. ભૂતાર્થ–ભગવાન આત્માની દૃષ્ટિ અને રમણતાનો અંશ થયો તે નિશ્ચય-વ્યવહારરત્નત્રયનો અંશ જ છે. એવા અભેદ રત્નત્રયપૂર્વક ભેદ આવે, રાગ આવે, વિકલ્પ આદિનો વ્યવહાર આવે તેને ભેદરત્નત્રય કહીને મુનિને બંનેના આરાધક કહ્યા છે. સમયસારની ૧૧મી ગાથામાં પણ આ જ કહ્યું છે. કોઈ એમ કહે કે એ તો કેવળીની વાત છે–એમ નથી.

વિદ્યમાન—છતો મહાપદાર્થ છે તેનો આશ્રય કર! વ્યવહાર અભૂતાર્થ છે. એક સમયની પર્યાય, રાગ ને નિમિત્ત આદિ આશ્રય કરવાયોગ્ય નથી. આશ્રય કરવાલાયક એક ધ્રુવ ભગવાન છે એમ ૧૧મી ગાથામાં કહ્યું એ તો આખા જૈનશાસનના પ્રાણ છે. એક સમયની પર્યાયનો પણ આશ્રય છોડી દેવાનું કહ્યું કારણ કે પર્યાયમાંથી પર્યાય નહિ આવે. ધ્રુવસ્વભાવનો આશ્રય એ નિશ્ચય છે અને સાથે દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યેનો શ્રદ્ધા, ભક્તિ આદિનો રાગ આવે છે તે વ્યવહાર છે. આ નિશ્ચય-વ્યવહાર બંને એક સમયમાં જ હોય છે.

શ્રાવક આહાર આપે છે અને મુનિ આહાર લે છે એવી પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનવાળી ભૂમિકામાં પણ સંતો નિશ્ચય-વ્યવહારના આરાધક છે. ભેદાભેદ રત્નત્રય કહ્યું એટલે પહેલાં ભેદ-વ્યવહાર હોય ને પછી અભેદ-નિશ્ચય હોય એમ કહેવું નથી. ટીકામાં નિશ્ચય-વ્યવહાર શબ્દ વાપર્યો છે. મૂળ તો બંને સાથે જ છે.

પ્રવચનસારમાં પણ કહ્યું છે કે અમે આગમ કુશળતા અને સ્વભાવના ભાન દ્વારા મિથ્યાદૃષ્ટિ નષ્ટ કરી છે તે ફરી હવે ઉત્પન્ન થાય તેમ નથી. શુદ્ધોપયોગરૂપ વીતરાગભાવના અમે આરાધક છીએ એમ આચાર્ય પોતે કહે છે, તેમ અહીં પણ યોગીન્દુદેવ પોતે કહે છે

કે નિશ્ચય-વ્યવહાર સાથે જ હોય છે. નિશ્ચય એટલે સ્વરૂપની શુદ્ધતાના આશ્રયે અંતરમાં એકાકાર થઈ જે શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ અંશે પ્રગટ થઈ છે તે નિશ્ચય છે અને સાથે વ્યવહાર એટલે ચાર પ્રકારના સદ્‌ભૂતના અને અસદ્‌ભૂતના વ્યવહાર અધ્યાત્મના હોય છે. નિશ્ચય જેને હોય તેને આવો વ્યવહાર હોય તેનું જ્ઞાન કરાવવા માટે આ વ્યવહાર લીધા છે.

૧૧મી ગાથામાં તો બધાય વ્યવહારને અભૂતાર્થ કહ્યો છે. ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ...શુદ્ધ....ધ્રુવ....જ્ઞાયક એકભાવ છે તે જ ભૂતાર્થ છે. એ જ શુદ્ધનય છે. અધ્યાત્મમાં નય અને નયના વિષયમાં ભેદ નથી. ભૂતાર્થના આશ્રયે નિર્મળ પર્યાય પ્રગટ થાય છે પણ તે પર્યાયનો આશ્રય લેવાનો નથી માટે તેને અભૂતાર્થ કહી છે. તે પર્યાયને જાણવા માટે ૧૨મી ગાથા કહી છે કે શુદ્ધદૃષ્ટિ પ્રગટી હોવા છતાં પર્યાયમાં અશુદ્ધિના અંશો ઘટતા જાય છે, શુદ્ધિના અંશો વધતાં જાય છે અને સામે નિમિત્તો પણ એવા ભજતાં જતાં હોય છે તે બધું જાણવાલાયક છે. આમ, નિશ્ચય છે ત્યાં વ્યવહાર છે એમ કહ્યું છે.

અહીં કહે છે કે જે નિશ્ચય-વ્યવહારના આરાધક છે એવા યતિ આહાર લેવા આવ્યા હોય તો ગૃહસ્થે સર્વ પ્રકારે તેમની સેવા કરવી જોઈએ. આહાર આદિ ચાર પ્રકારના દાન આપવા, ધર્મની ઈચ્છા રાખવી, ધનની ઈચ્છા ન રાખવી.

ચોથા ગુણસ્થાનથી જ નિશ્ચય-વ્યવહાર આરાધના છે પણ અહીં છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિની વાત છે, તેમને પણ નિશ્ચયથી નિશ્ચયની આરાધના છે અને વ્યવહારે વ્યવહારની આરાધના છે. વિકલ્પના કાળમાં ઉપયોગ શુભ છે પણ આરાધના નિશ્ચય-વ્યવહાર બંનેની વર્તે છે. આવા મુનિને ગૃહસ્થે ચાર પ્રકારના દાન દેવા જોઈએ. સ્વભાવની ભાવના વારંવાર કરવી જોઈએ. શિષ્યે પ્રશ્ન કર્યો હતો કે ગૃહસ્થે શું કરવું તેનો આ જવાબ છે કે ગૃહસ્થે સંતોની સેવા કરવી, ભક્તિ કરવી, દાન દેવા પણ ધનાદિની તૃષ્ણા ન કરવી. ખરેખર તો એ ગૃહસ્થ શ્રાવક પણ નિશ્ચય-વ્યવહારનો આરાધક છે પણ તેને નિશ્ચય રત્નત્રયની ઉપાદેયતાપૂર્વક વ્યવહારમાં વર્તન હોય છે અને મુનિને નિશ્ચય રત્નત્રયમાં સ્થિરતાપૂર્વક તપાદિનો વ્યવહાર હોય છે. આ વાત આગળની ગાથામાં કહેશે.

શ્રોતા :—મુનિ હોય ત્યાં દાન આદિનો ભાવ થાય પણ જ્યાં મુનિ ન હોય ત્યાં ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભાવ તો કરે ને ! મુનિ ન હોય તોપણ શ્રાવકને ભાવ તો એવા આવે છે. અઢી દ્વીપ બહાર અસંખ્યાતા તિર્યંચ શ્રાવકદશામાં છે ત્યાં મુનિ તો કોઈ છે જ નહિ, ક્ષુલ્લક પણ નથી, અરિહંત પણ નથી પણ આત્મા છે ને ! આત્મામાં તેને યોગ્ય બધાં ભાવો આવી જાય છે પણ જ્યાં નિશ્ચય જ નથી ત્યાં વ્યવહાર પણ કોને કહેવો ! નિશ્ચય છે

ત્યાં જ વ્યવહાર યથાર્થ હોય છે અને એ વ્યવહાર વ્યવહારથી આદરણીય પણ કહેવાય. ત્રણલોકના નાથની વાણી સાંભળવી, પૂજા કરવી, આદર કરવો એ બધો વિકલ્પરૂપ વ્યવહાર છે તે વ્યવહારે આદરણીય કહેવામાં આવે છે પણ પરદ્રવ્યનો આશ્રય એ કાંઈ ખરેખર આદરણીય નથી.

આહાહા! વીતરાગમાર્ગ એટલે અનાદિ શાંતમાર્ગ! અહો! આ આત્મા સ્વયં ધર્મ થાય એ ખરેખર મનોરથ છે તેને વિઘ્ન કરનારી તો એક બહિર્મોહદૃષ્ટિ જ છે. તે મોહદૃષ્ટિ આગમ કૌશલ્ય અને આત્મજ્ઞાન વડે હણાઈ ગઈ હોવાથી હવે મને ફરીને ઉત્પન્ન થવાની નથી. અરે! છદ્મસ્થને ભવિષ્યનું ભાન થઈ ગયું છે કે હવે મને મોહ ઉત્પન્ન થશે જ નહિ! સાંભળ ને ભાઈ! ભગવાન આત્મા છે ને! એ તો મોટો કેવળજ્ઞાનનો કંદ છે. તેની અંતરમુખદૃષ્ટિ થઈ છે અને બહિર્મોહદૃષ્ટિ છૂટી ગઈ છે તે ફરી ઉત્પન્ન થવાની નથી. માટે વીતરાગચારિત્રને પામેલો મારો આ આત્મા સ્વયં ધર્મ થઈને, સમસ્ત વિઘ્નનો નાશ થયો હોવાથી સદાય નિષ્કંપ જ રહેશે. આહાહા! અમૃતચંદ્રાચાર્ય વિકલ્પના કાળમાં વર્તમાનના ભાનપૂર્વક ભવિષ્યની વાત કરે છે. જયવંત વર્તો તે શબ્દબ્રહ્મમૂલક આત્મતત્ત્વ ઉપલબ્ધિ! જેના પ્રસાદને લીધે અનાદિ સંસારથી બંધાયેલી મોહગ્રંથિ તુરત જ તૂટી ગઈ. જયવંત વર્તો પરમ વીતરાગચારિત્રસ્વરૂપ શુદ્ધોપયોગ!—પણ પ્રભુ અત્યારે વિકલ્પ છે ને? હો ભલે હો પણ અમે અંતરમાં વીતરાગચારિત્રપણે જ પરિણમવા માગીએ છીએ. જેના પ્રસાદથી આત્મા સ્વયમેવ ધર્મ થયો છે. જુઓ! હજુ માત્ર ૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા અમૃતચંદ્ર આચાર્યદેવ આવી વાત કરે છે. પંચમકાળમાં પણ આવા ભેદાભેદરત્નત્રયના આરાધક હતા. અભેદપણું ન હોય તો ભેદને વ્યવહાર કોણ કહે! ભાઈ! ત્રિકાળ ચૈતન્યધાતુના ભંડાર ભગવાન આત્માનો આશ્રય અને સ્પર્શ વિના એકલા વિકલ્પને વ્યવહાર કોણ કહે!

તેથી અહીં આચાર્યદેવની વાણીનો બ્રહ્મદેવ ટીકાકાર ખૂલાસો કરીને કહે છે કે નિશ્ચય-વ્યવહારરત્નત્રયની આરાધના કરો. નિશ્ચય પણ રત્ન અને વ્યવહાર પણ રત્ન છે. તેનું મૂલ્ય આપીને મુક્તિ લેવાની વાત છે. મફતમાં નથી લેવી. કિંમત ભરવી છે.

વ્યવહારમાં, ચાર પ્રકારના દાન દેવાની અને સેવા કરવાની વાત કરી અને આમ તો કહ્યું છે કે પરદ્રવ્યની સેવા કરી શકાય નહિ, દાન દઈ શકાય નહિ, પરમાણુનું દેવા-લેવાનું કામ જીવથી થાય નહિ આ બે વાતનો મેળ કેમ કરવો? સાંભળ ભાઈ! શ્રાવકને દાન દેવાનો, સેવા કરવાનો વિકલ્પ ઊઠે છે તેથી આરોપથી એ કરે છે એમ કહેવાય છે. બાકી, એક રજકણને પણ ફેરવવાની શક્તિ તો આત્મામાં છે જ નહીં. રજકણની ક્રિયા તો સ્વતંત્ર થાય છે પણ શ્રાવકને શુભરાગ ઉઠ્યો છે તેનો આરોપ ક્રિયામાં કરાય છે.

વળી કહે છે ગૃહસ્થ શ્રાવકે ધનની ઈચ્છા ન કરવી. એ તો ધૂળ છે. તેણે તો ચૈતન્યધામની ભાવના કરવી. પુરુષાર્થની ઉગ્રતા ન હોય તો પ્રત્યાખ્યાન ચૌકડી (ક્રોધ, માન, માયા, લોભ)ના ઉદયવશ શ્રાવકના વ્રતમાં પણ રહે તો દેવપૂજા, ગુરુની સેવા, સ્વાધ્યાય, દાન, શીલ, ઉપવાસ આદિ અણુવ્રતરૂપ ધર્મ કરે અને જો વિશેષ શક્તિ હોય તો સર્વ પરિગ્રહ ત્યાગીને યતિના વ્રત ધારણ કરીને નિર્વિકલ્પ પરમસમાધિમાં રહે. પોતાના સ્વરૂપમાં ઉગ્ર સ્થિરતા થઈ શકે તેમ ન હોય તો નિશ્ચય આરાધક જીવને દેવની પૂજા, ગુરુની સેવા આદિ કરવાનો ભાવ આવે છે. શાસ્ત્રમાં આચાર્યો શું કહે છે તેની સ્વાધ્યાય કરે છે. ધનાર્થી પુરુષ દુકાનના ચોપડા ફેરવ્યા કરે છે તેમ આ મોક્ષાર્થી શ્રાવક ધર્મના પુસ્તકોની સ્વાધ્યાય કરે છે. તેનાથી જ્ઞાન નિર્મળ થાય છે, જેમ ખોરાક રોજ લેવાનો હોય છે તેમ શ્રાવક રોજ કલાક, બે કલાક, ચાર કલાક ભગવાનની વાણીનો સ્વાધ્યાય કરે છે. શાસ્ત્રમાં કઈ અપેક્ષાએ શું કહેવા માંગે છે તેની સ્વાધ્યાય ખટકપૂર્વક હંમેશા હોય છે.

શ્રાવકને દાન આપવાનો ભાવ પણ હંમેશા આવે છે. મુનિઓને આહાર આદિ દાન આપે, સાધર્મીને પણ આપે. અરે! કોઈ ભૂખ્યા-દુખ્યા હોય તેને અભય આદિ દાન આપે છે. શ્રાવક શીલ એટલે બ્રહ્મચર્ય પણ પાળે છે અને સંયમ એટલે ઉપવાસ, તપ આદિ વડે રાગ ઘટાડવાનો પ્રયાસ પણ શ્રાવકને હોય છે. વ્યવહારથી શ્રાવક આવા ષટ્કર્મના ભાવ કરે છે એમ કહેવાય છે પણ શ્રાવકને આવા શુભભાવ આવે જ છે, હોય છે.

नो चेत सर्वसंगपरित्यागं कृत्वा....અહો! ઘણી શક્તિ હોય તો સમકિતી શ્રાવક સર્વસંગનો ત્યાગ કરીને યતિના વ્રત ધારણ કરે, નિર્વિકલ્પ સમાધિમાં રહે. શ્રાવકને તો દાનાદિના વિકલ્પ આવે પણ યતિને તો નિર્વિકલ્પ સમાધિ વિશેષ રહે છે.

યતિએ ધનનો સર્વથા ત્યાગ અને શ્રાવકે ધનનું પ્રમાણ કરવાયોગ્ય છે. વિવેકી ગૃહસ્થ ધનની તૃષ્ણા ન કરે. જે ધન હોય તેમાં ચલાવે. ધન માટે છલાંગ ન લગાવે. જે ધન હોય તેમાં સંતોષ કરીને નિવૃત્તિ લેવી યોગ્ય છે. વિચાર કરવો કે પિતાજી પરભવમાં ગયા ત્યાં ધન સાથે લઈને ગયા! કોઈ ધન સાથે લઈ જઈ શકતું નથી. તો કોના માટે ધનની તૃષ્ણા! ધન, યૌવન બધું અસાર છે. યુવાનીમાં વિષયતૃષ્ણા પણ કરવા જેવી નથી. શ્રીમદ્ કહે છે કે યુવાનીમાં ભોગના કાળમાં યોગ સાંભરે છે તે જીવ ભાગ્યવાન છે. દૃષ્ટિપૂર્વકના યોગની વાત છે. એકલાં યોગમાં કાંઈ નહિ.

જેને સ્વભાવની દૃષ્ટિપૂર્વક, યુવાનીના ભોગના ઉદ્દેકને બદલે યોગનો ઉદ્દેક પ્રગટ કરે...સ્વભાવ...સ્વભાવ તરફ વીર્ય ઉછળે તે અલ્પકાળમાં મુક્તિને પાત્ર છે. માટે યુવાનીમાં વિષયતૃષ્ણા નહીં કરતાં, વિષયનો રાગ છોડીને વિષયોથી પરાંગમુખ જે વીતરાગ નિજાનંદ

એક અખંડ સ્વભાવરૂપ શુદ્ધાત્મામાં લીન થવાની હંમેશા ભાવના કરવી જોઈએ.

આમ, શુભાશુભ વિકલ્પથી રહિત એકરૂપ અખંડ નિજ શુદ્ધાત્મા–ચિદાનંદ એક સ્વભાવરૂપ શુદ્ધાત્મામાં લીન થઈને હંમેશા ભાવના કરવી જોઈએ. મુનિએ તો હંમેશા નિર્વિકલ્પ સમાધિમાં રહેવું જોઈએ. શ્રાવકે પણ તૃષ્ણા ઘટાડીને ધ્યાનનો સમય કાઢવો જોઈએ.

હવે, જે ધર્મથી રહિત છે અને તપશ્ચરણ પણ કરતાં નથી તેનો મનુષ્યજન્મ વૃથા છે એમ કહે છે.

**धम्मु ण संचिउ तउ ण किउ रुक्खें चम्ममएण।**
**खज्ञिवि जर-उद्देहियण णरइ पडिव्वउ तेण॥१३३॥**

અર્થ :—જેણે મનુષ્ય શરીરરૂપી ચામડામય વૃક્ષને પામીને તેનાથી ધર્મ ન કર્યો અને તપ પણ ન કર્યું તેનું શરીર બુઢાપારૂપી ઉધઈના કીડા ખાઈ જશે પછી તેને મરીને નરકમાં જવું પડશે.

આ મનુષ્યશરીર છે તે ચામડાનું ઝાડ છે. ઝાડને મૂળમાં પાણી અપાય છે અને આ શરીરને મોઢાથી અપાય છે, તેનાથી સીંચાયેલા આ મનુષ્યશરીરમાં જો જીવ ધર્મ ન કરે અને તપ પણ ન કરે એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર પ્રગટ ન કર્યા તો આ શરીરને વૃદ્ધાવસ્થારૂપી ઉધઈ ખાઈ જશે એટલે કે શરીર જીર્ણ થઈ જશે, ઈન્દ્રિયો કામ નહિ કરે ત્યારે પસ્તાવા સિવાય જીવ કાંઈ નહિ કરી શકે. અરે! મને કોઈએ ટાણે સાચી સલાહ ન આપી...પણ સલાહ આપનારા હોય તોપણ તું ક્યાં સાંભળતો હતો! અને કુટુંબીઓ તને પાપ કરતાં રોકવાના નથી કેમ કે તૃષ્ણાના ફળમાં નરકમાં તો તારે એકલાને જવું પડશે, કુટુંબી કાંઈ સાથે આવવાના નથી. એ તો કહેશે કે અત્યારે જુવાન અવસ્થા છે ત્યાં ખૂબ કમાઈ લ્યો, પછી નહિ કમાઈ શકાય. માટે, અત્યારે ખૂબ મહેનત કરો. પણ ભાઈ! ધન કાંઈ તારી મહેનત કે વિકલ્પથી આવવાનું નથી, એ તો જે આવવાનું છે તે જ આવશે. વિકલ્પ તો પરદ્રવ્યની અવસ્થા લાવવા માટે નિરર્થક છે અને વિકલ્પ તારા સ્વભાવ માટે પણ નિરર્થક છે. વિકલ્પની તાકાત નથી કે પરની અવસ્થાની વ્યવસ્થા કરી શકે. વિકલ્પ તારી અવસ્થા માટે પણ નિરર્થક છે.

એકવાર એક ભાઈ સ્વજનના ઉઠામણા પછી મંગળિક સાંભળવા આવ્યા હતા, તેને કહ્યું હતું કે આ જીવ ૮૦ વર્ષના આ જીવનની વ્યવસ્થા ૨૦ વર્ષનો હોય ત્યારથી કરતો હોય છે પણ ૮૦ વર્ષે આયુ પૂરું થશે પછીના ભવમાં પણ પોતે તો એનો એ છે તો એ ભવ

માટે શું તૈયારી? જેમ તડકા અને છાયા વચ્ચે કાંઈ અંતર નથી. તડકો જાય કે તરત છાયો આવે છે તેમ આ ભવ અને બીજા ભવ વચ્ચે એક સમયનું પણ અંતર નથી. આ ભવ પૂરો થતાં જ બીજો ભવ શરૂ થઈ જાય જશે અને ત્યાં પણ આખી જિંદગી રહેવાનું છે તો એ ભવ માટે કાંઈ તૈયારી નહિ અને આ ભવની જ બધી દરકાર છે! આ તો તું ધીઠો થઈ ગયો છો!

આ ભવમાં ૨૦ વર્ષનો થાય ત્યારથી તૈયારી કરે કે વ્યાજ કેમ વધુ ઊપજે, મકાન ઘરના થઈ જાય, દીકરા થાય એને પરણાવશું પછી એ આપણને અનુકૂળ રહે ને સેવા કરે એવી વ્યવસ્થા કરે છે. ભાઈ! આ ભવ પછી બીજો ભવ આવશે તે આ જીવનો હશે કે કોઈ બીજા જીવનો હશે! એ જિંદગી પણ તારે જ જીવવાની છે તો ક્યાં જઈશ! કેમ રહીશ! શું કરીશ! તેની કાંઈ તૈયારી ખરી! તને હજુ વર્તમાનમાં મારા કેવા પરિણામ હોય તો ભવિષ્યનો ભવ સુધરે તેની ખબર નથી તો ભવરહિત ભગવાન આત્માના પરિણામમાં તો અપૂર્વ સાવધાની જોઈશે. પરિણામમાં અપૂર્વ પ્રયાસ માંગે છે.

આ ભવમાં બધું ઠીક રહે તેવી વ્યવસ્થાના વિકલ્પ અને ચિંતા બહારની વ્યવસ્થા માટે નિરર્થક છે અને એ ચિંતા સ્વભાવની શાંતિ માટે પણ નિરર્થક છે. એ ચિંતા મફતની તને દુઃખી કરે છે. આ ભવ પછીના સમયે જે ભવ મળશે તે આખી જિંદગી રહેવાનો છે તો એ ભવનું શરીર, તેની રક્ષાના સાધનો વિગેરે સારી ગતિની જ્યાં દરકાર નથી તો નિત્યાનંદ પ્રભુને દૃષ્ટિમાં લઈને તેમાં કેમ એકાગ્ર થવું એમાં તો મહાન પુરુષાર્થ છે. ભવના સુખની દરકાર નથી તેને આત્માના સુખની દરકાર કઈ રીતે થશે?

આ મારી સ્ત્રી, આ મારા છોકરા અને આ મારું મકાન.... એ ક્યાં સુધી? અહીંથી છૂટ્યો એટલી જ વારમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બધું બદલાઈ જશે. તું એનો એ જ રહીશ. છતાં એ ભવના સુખની દરકાર નથી તો ભવના ભાવ વિનાના આત્માની દરકાર શી રીતે થશે? 'મારું શું થશે!' એવી અંતરમાં દૃષ્ટિ થયા વિના જન્મ-મરણના અંત આવે તેવા નથી.

એ.... આ મનુષ્યશરીરને વૃદ્ધાવસ્થારૂપી કીડા ખાઈ જશે. 'બાલપન ખેલમેં ખોયા, યુવાની સ્ત્રીમેં મોહ્યા, બુઢાપા દેખકર રોયા.' બાળપણ, યુવાની અને વૃદ્ધાવસ્થા આ ત્રણેયમાં પોતાનું હિત કાંઈ કર્યું નહિ તો આ ભવની વ્યવસ્થા તો કાંઈ ન થઈ પણ ભવિષ્યમાં નરકમાં જઈને પડવું પડશે. આ ભવની સગવડતાની ચિંતામાં પરભવ પણ બગડશે. ચિંતાથી બંધાયેલા કર્મના ફળમાં નરકમાં જન્મ થઈ જશે.

ભાવાર્થ :—ગૃહસ્થદશામાં જેણે સમકિતપૂર્વક દાન, શીલ, સંયમ, પૂજા, ઉપવાસ આદિરૂપ ગૃહસ્થધમર્મ ન પાળ્યો, દર્શનપ્રતિમા, વ્રતપ્રતિમા આદિ ૧૧ પ્રતિમારૂપ શ્રાવકધર્મ

ધારણ ન કર્યો અને મુનિ થઈને બધા પદાર્થોની ઈચ્છાનો નિરોધ કરીને બાર પ્રકારના તપ ન કર્યા તો આ શરીરરૂપી ચામડાના વૃક્ષને કીડા ખાઈ જશે. શરીરાદિ બધી સંયોગીચીજ તો જુદી છે તે જુદી જ રહેશે, તારી નહિ થાય પણ તેની ચિંતામાં તું દુર્ગતિમાં ચાલ્યો જઈશ. તારી ચિંતાથી પરમાં તો કાંઈ ફેરફાર નહિ થાય પણ તારે તેના ફળમાં નરકમાં જવું પડશે.

આ ભવમાં જો સમકિત સહિત મુનિપણાની દશા આવી તો મુનિપણું એટલે પરમેશ્વરપદ! મુનિપણું એટલે અમૃતસાગરની ઉછાળા મારતી દશા! ઈચ્છાનો તો નિરોધ અને અતીન્દ્રિયાનંદનો ઊભરો! મહાન જ્ઞાનધામમાં ત્રણ કષાયના અભાવપૂર્વક ઠર્યો છે એવા મુનિને સ્વપદાર્થ સિવાય સર્વપદાર્થની ઈચ્છાનો નિરોધ છે. આહાર-પાણી લેવાની વૃત્તિ પણ ન હોય તો નિવૃત્તિ મળે, તેમાં આત્માના ધ્યાનમાં સ્થિરતાનો અવકાશ મળે.

પણ...જો શ્રાવક કે મુનિદશા આદિ કાંઈ ન આવ્યું અને માત્ર આ ભવના સંયોગની જ ચિંતા કરી તો તારા મનુષ્યદેહને વૃદ્ધાવસ્થારૂપી કીડો ખાઈ જશે. પછી તો નરકમાં જીવ ચાલ્યો જશે. માટે, ગૃહસ્થને તો આ યોગ્ય છે કે નિશ્ચયરત્નત્રયની શ્રદ્ધા કરી, નિજસ્વરૂપ ઉપાદેય જાણી, વ્યવહારરત્નત્રય શ્રાવકધર્મને પાળવો.

નિશ્ચય સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેય રત્ન છે તેની બરાબર પાકી શ્રદ્ધા કરવી. નિશ્ચય રત્નત્રયની શ્રદ્ધાપૂર્વક નિજસ્વરૂપને ઉપાદેય જાણવું. ભગવાન આત્મા—શુદ્ધ પૂરણ પરમાત્માનું સ્વરૂપ જ અંગીકાર કરવાલાયક છે એટલે કે દૃષ્ટિ અને સ્થિરતામાં એ જ આદરવા લાયક છે. એમ, નિશ્ચયને ઉપાદેય જાણી વ્યવહારરત્નત્રયરૂપ શ્રાવકના વ્રત પાળવા. નિશ્ચયપૂર્વક વ્રત પાળવા એમ કહે છે. નિશ્ચય બિલકુલ ન હોય અને વ્રત પાળવા લાગે તેનાથી કાંઈ શ્રાવકદશા આવતી નથી પણ જે શ્રાવક છે તેને અશુભથી બચવા આ પ્રકારના વ્રતાદિનો શુભરાગ આવે છે તેને 'શ્રાવકે વ્રતાદિ કરવા' એમ પણ ઉપદેશમાં કહી શકાય છે અને યતિને આ તો યોગ્ય છે કે નિશ્ચય રત્નત્રયમાં સ્થિર થઈને વ્યવહારરત્નત્રયના બળથી મહાતપ કરવું. જુઓ! રત્નત્રયમાં સ્થિર થવું અને મુનિપણું એટલે પંચમહાવ્રત આદિ ૨૮ મૂલગુણના પાલન સહિત મહાતપ કરવું.

જો યતિ અને શ્રાવકનો ધર્મ ગ્રહણ ન થઈ શક્યો, અણુવ્રત ન પાળ્યા...તો મહાદુર્લભ મનુષ્યદેહનું પામવું નિષ્ફળ છે, કાંઈ ફાયદો નથી.

*(ક્રમશઃ)*

❊ ❊ ❊

**વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો**

# આત્મવૈભવ

## સર્વજ્ઞત્વ શક્તિ

विश्वविश्वविशेषभावपरिणतात्मज्ञानमयी सर्वज्ञत्व शक्तिः।

અનંતશક્તિસંપન્ન આત્માની શક્તિઓનો ક્રમિક ગણતરીથી પાર ન આવે; પહેલી જીવત્વશક્તિ...બીજી ચેતનાશક્તિ...પાંચમી સુખશક્તિ...સાતમી પ્રભુત્વશક્તિ...દશમી સર્વજ્ઞત્વશક્તિ એમ ક્રમક્રમથી ગણતાં કરોડ પૂર્વના કે અસંખ્ય વર્ષના આયુષ્યમાં પણ અનંતશક્તિનો પાર ન આવે. સર્વાર્થસિદ્ધિના બધાય દેવો ૩૩ સાગરોપમ સુધી ગણ્યા કરે તોય એનો અનંતમો ભાગ જ ગણી શકે. આવી અનંતશક્તિ દરેક આત્મામાં છે ને એકેક શક્તિમાં અનંતી તાકાત છે.—આવો આત્માનો વૈભવ છે.

પણ આમાં ધર્મ ક્યાં આવ્યો?

ભાઈ ! આવા આત્મવૈભવને પ્રતીતમાં લેતાં પરનો મહિમા ઊડી જાય એટલે જ્ઞાન સ્વમાં ઠરે ને આત્મા સ્વસમયરૂપ પરિણમે, રાગથી છૂટીને અનંત શક્તિનું નિર્મળ પરિણમન થવા માંડે—એનું નામ ધર્મ. મારો આત્મા એક સમયમાં પરિપૂર્ણ અનંત શક્તિનો પિંડ—આમ સ્વમાં લક્ષ આવતાં જ્ઞાનનું, શ્રદ્ધાનું, સુખનું એમ અનંતગુણનું નિર્મળ પરિણમન એકસાથે ઊછળે છે—નિર્મળતા પ્રગટે છે, તે જ ધર્મ ને તે જ મોક્ષમાર્ગ; તેને સાધ્ય આત્માની સિદ્ધિ થઈ.

આત્માના અનંતગુણોમાં એક સર્વજ્ઞત્વશક્તિ પણ ભેગી પરિણમી રહી છે. અહા, સર્વજ્ઞતાના સ્વરૂપની ને તેના સામર્થ્યની લોકોને ખબર નથી. સર્વજ્ઞતાને ઓળખતાં સમ્યગ્દર્શન થાય, જ્ઞાન ને રાગની સંધિ તૂટી જાય ને ભેદજ્ઞાન થાય. કેવળજ્ઞાન સ્વલક્ષે એકાગ્રતાથી ખીલ્યું છે, તે પરલક્ષે નથી ખીલ્યું. જગત છે માટે કેવળજ્ઞાન થયું—એમ નથી; જગત તો અનાદિ અનંત છે, તેને લીધે જ્ઞાન થતું હોય તો અનાદિથી કેવળજ્ઞાન દરેક જીવને હોવું જોઈએ. આત્મા જ્યારે સ્વમાં એકાગ્ર થઈને પોતાની અસાધારણ જ્ઞાનશક્તિને કારણ બનાવીને પરિણમ્યો ત્યારે કેવળજ્ઞાન થયું ને ત્યારે જગત જ્ઞેયપણે જણાયું. જગત જ્ઞેયપણે નિમિત્તરૂપ છે પણ જ્ઞાનનું પરિણમન નિમિત્તને આશ્રિત નથી, જ્ઞાનનું પરિણમન તો

સ્વાશ્રિત છે. સર્વજ્ઞતા એટલે આત્માના જ્ઞાનની પરિપૂર્ણ પ્રસિદ્ધિ, જ્ઞાનનો પરિપૂર્ણ વૈભવ પર્યાયમાં પ્રગટ થયો એનું નામ સર્વજ્ઞતા. 'સર્વજ્ઞતા' કહેતાં અજ્ઞાનીને બહારના ઘણા જ્ઞેયો સામે લક્ષ જાય છે પણ જેમાંથી સર્વજ્ઞતા ખીલી એવી જ્ઞાનશક્તિ સામે તેનું લક્ષ જતું નથી. જ્ઞાનશક્તિ સામે લક્ષ જાય તો જ સર્વજ્ઞતાની સાચી પ્રતીત થાય.

સર્વજ્ઞતાની શક્તિ આત્મામાં ત્રિકાળ છે પણ તેનું પરિણમન ક્યારે થાય? કે સર્વજ્ઞત્વશક્તિવાળા આત્માને પ્રતીતમાં લઈને પરિણમે ત્યારે. તેમાં બીજું કોઈ સાધન નથી; પોતાનો સર્વજ્ઞસ્વભાવી આત્મા જ સાધન છે. આત્મા પોતે કર્તા થઈને સ્વશક્તિના સાધનવડે તે કાર્યને કરે છે. રાગને સાધન માને તે જીવ પોતાના સર્વજ્ઞસ્વભાવને જાણતો નથી. સર્વજ્ઞની શ્રદ્ધા કહો કે મોક્ષની શ્રદ્ધા કહો કે આત્માના જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા કહો. તેનું સાધન બહારમાં કે રાગમાં નથી, સર્વજ્ઞસ્વભાવી આત્મા પોતે જ તેનું સાધન છે.

'જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાનસામર્થ્ય સંપૂર્ણ છે. સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય.'

શ્રીમદ્ રાજચંદ્રના આ ટૂંકા વાક્યમાં ઘણી ગંભીરતા ભરી છે. સર્વજ્ઞસ્વભાવ અને તેનું સાધન બંને તેમાં બતાવી દીધા છે. હવે રાગને જે જીવ સાધન માને તે રાગ છોડીને વીતરાગ કેમ થાય? ને વીતરાગતા વગર સર્વજ્ઞતા ક્યાંથી થાય? એટલે રાગને સાધન માનનારને તો સર્વજ્ઞતાની કે તેના ઉપાયની ખબર નથી. સર્વજ્ઞ કોણ થાય? કે 'વીતરાગ થાય તે સર્વજ્ઞ થાય.' ને વીતરાગ કોણ થાય? કે જે રાગને સાધન ન માને એટલે કે જ્ઞાનસ્વભાવને જ સાધન માને તે જીવ જ્ઞાનસ્વભાવની સન્મુખ થઈને વીતરાગ થાય ને તે જ સર્વજ્ઞ થાય. એટલે સ્વભાવસન્મુખ થવું તે જ સર્વજ્ઞતાનો ઉપાય છે એમ–તાત્પર્ય છે.

શાસ્ત્રોએ સર્વજ્ઞતાનો તો અપાર મહિમા ખૂબ ખૂબ ગાયો છે; કેમકે એનો નિર્ણય એ તો જૈનધર્મનું મૂળ છે. સંતોને સર્વજ્ઞતા ખૂબ વહાલી છે, જ્ઞાનીના હૃદયમાં એનો મહિમા કોતરાઈ ગયો છે. તેથી પ્રવચનસારની ૮૦મી ગાથામાં કુંદકુંદાચાર્ય મહારાજે કહ્યું છે કે—

જે જાણતો અર્હંતને ગુણ દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને તુસ મોહ પામે લય ખરે.

કેવળજ્ઞાન તે લોકાલોકનું કર્તા નથી ને લોકાલોક કેવળજ્ઞાનના કર્તા નથી; જ્ઞાનશક્તિવડે આત્મા પોતે જ તે સમયે કેવળજ્ઞાનનો કર્તા થઈને પરિણમે છે; પૂર્વપર્યાય તે–રૂપે નથી પરિણમતી, રાગનો પણ તેમાં અભાવ છે ને પરનો તો ત્રિકાળ અભાવ છે. છએ કારકોની સ્વતંત્રતાવડે આત્મા કેવળજ્ઞાનને કરે છે. પોતાના જ છ કારકોવડે, બહારના

નિરપેક્ષપણે આત્મા પોતે સર્વજ્ઞતારૂપે પરિણમતો હોવાથી તે સર્વજ્ઞ ભગવાન 'સ્વયંભૂ' છે. વજ્રશરીર કે રાગ તે કોઈ કેવળજ્ઞાનનું સાધન નથી. આ રીતે આત્માની બધી શક્તિઓ પોતાના જ છ કારકોવડે પરિણમી રહી છે, તેમાં બીજા સાધનનો અભાવ છે. આત્માની શક્તિ જ પોતાની નિર્મળપર્યાયના સાધનપણે પરિણમે છે, બહાર સાધન શોધવું પડે તેમ નથી. સ્વાશ્રિત–પરિણમનમાં છએ કારકો સમાઈ જાય છે.

આ ૪૭ શક્તિમાં પાંચ ભાવો ક્યા પ્રકારે લાગુ પડે છે તે પણ સમજવું જોઈએ. ત્રિકાળીશક્તિઓ તે પારિણામિકભાવે છે. તેના આશ્રયે તેનું નિર્મળ કાર્ય પ્રગટ્યું તે પૂરું કાર્ય તો ક્ષાયિકભાવે છે ને અધૂરીદશામાં ઉપશમ કે ક્ષયોપશમ ભાવ હોય છે; ઉદયભાવનો તે નિર્મળ કાર્યમાં અભાવ છે. અહીં સર્વજ્ઞત્વ શક્તિનું પૂરું કાર્ય જે સર્વજ્ઞતા તે તો હંમેશા ક્ષાયિકભાવે જ હોય છે; તેમાં ઉપશમાદિ ભાવો હોતા નથી.

સર્વજ્ઞશક્તિ સ્વાધીનપણે જ્યાં કેવળજ્ઞાનરૂપે પરિણમી, ત્યાં તે કેવળજ્ઞાનમાં સર્વજ્ઞેયો નિમિત્તરૂપ ભલે હો પણ તેઓ કાંઈ જ્ઞાનનાં સાધન નથી કે જ્ઞાન તેમનું કર્તા નથી. કેવળજ્ઞાને પોતાના આખા આત્માને અનંત શક્તિના નિર્મળ પરિણમન સહિત જ્ઞેય બનાવી દીધો છે, ત્યાં પરજ્ઞેયો તો સહેજે જણાય છે. જ્ઞેયપણે સ્વ-પર બધુંય છે. અહા, સર્વજ્ઞસ્વભાવી વસ્તુના નિર્ણયમાં અનંત પુરુષાર્થ ભરેલો છે. રાગમાં એ નિર્ણય કરવાની તાકાત નથી. દ્રવ્યે પોતાની પર્યાયને કરી–એ પણ હજી ભેદકથન છે, ખરેખર દ્રવ્ય કર્તા ને પર્યાય કર્મ એવા ભેદ નથી. દ્રવ્ય અભેદપણે તે–તે સમયની પર્યાયપણે પરિણમી રહ્યું છે, દ્રવ્ય પોતે એવા નિર્મળભાવપણે ઉલ્લસ્યું છે. દ્રવ્ય ને પર્યાય બંને એક થઈને પરિણમ્યા ત્યાં વચ્ચે વિકલ્પ કે ભેદનું ઉત્થાન ન રહ્યું. આનું નામ જૈનદર્શન ને આનું નામ વસ્તુસ્વભાવની પ્રસિદ્ધિ !

ભાઈ, જૈનદર્શન એટલે વસ્તુસ્વભાવનું દર્શન ! તારા આત્મસ્વભાવને અંદરમાં જો તો ખરો !–જેનું અચિંત્ય સામર્થ્ય છે ને જેમાં બહારના કોઈ સાધનની જરૂર નથી; કારણ-કાર્યના ભેદના વિકલ્પને ય જ્યાં અવકાશ નથી; સ્વશક્તિથી આત્મા પોતે અભેદપણે પોતાની નિર્મળપર્યાયમાં પ્રણમી રહ્યો છે. એક પર્યાય જેટલા જ આખા દ્રવ્ય-ગુણ નથી પણ તે પર્યાયે આખા દ્રવ્ય-ગુણને જાણી લીધા છે. આત્માની પર્યાય પરને લીધે થવાનું કહેવું એ તો વસ્તુસ્વરૂપનું મોટું અજ્ઞાન છે ભાઈ, તારા દ્રવ્ય-ગુણ-પર્યાય પરથી સ્વતંત્ર છે, પર સામે ન જો, તારા નિજવૈભવને જો. તારી તારાત કેટલી? કે એક કેવળજ્ઞાનપર્યાય અનંતા કેવળજ્ઞાનને જાણી લ્યે; ને એવી અનંત પર્યાયરૂપે પરિણમવાની એક જ્ઞાનગુણની તાકાત; એવા જ્ઞાન સાથે આનંદ પ્રભુતા વગેરે અનંત ગુણોનો વૈભવ આત્મામાં ભર્યો છે. અહા, આવી વસ્તુ !—તે તું છો.

અરે ! જ્યાં તું જ પરિપૂર્ણ છો પછી બીજા ક્યા સાધનને તારે શોધવું છે? પૂર્વની અધૂરી પર્યાય પણ કેવળજ્ઞાનપર્યાયને પરાણે નથી લાવતી; સાધકભાવ બળજોરીપૂર્વક સાધ્યને નથી લાવતો પણ તે સમયની પર્યાયમાં કેવળજ્ઞાનાદિ પૂર્ણ પર્યાયરૂપે પરિણમવાનું સ્વતંત્રવીર્ય છે. અરે ! પૂર્વની નિર્મળ પર્યાય પણ કારણ ખરેખર નથી ત્યાં શુભરાગની કે બહારના પદાર્થોની તો શી વાત?—એનો તો નિર્મળ કાર્યમાં અભાવ જ છે. આત્મા પોતે પોતાની નિજ શક્તિના ભંડારમાંથી સર્વજ્ઞતાને બહાર કાઢે છે; પોતાના વૈભવમાં ભર્યું છે તેમાંથી પ્રગટ કરે છે; બીજા પાસે માંગતો નથી.

'સત્'ના મહાસાગરમાં ઉત્પાદ-વ્યયના મોજાં ઊછળે છે....ને તેમાંથી કેવળજ્ઞાનાદિ મહારત્નો નીકળે છે. એ કેવળજ્ઞાનનો દેનાર પોતે ને લેનાર પણ પોતે. દાતાર મોટો ને ઝીલનાર પાત્ર પણ મોટું. રાગમાં તાકાત નથી કે સર્વજ્ઞતાને ઝીલી શકે. તેમજ તેનામાં તાકાત નથી કે સર્વજ્ઞતા આપી શકે. સર્વજ્ઞતા આપવાની ને ઝીલવાની અપૂર્વ તાકાત તો અનંતશક્તિસમ્પન્ન આત્મામાં જ છે.

આત્માનો વૈભવ જેવો છે તેવો સમ્યગ્દર્શન થતાં જણાયો; એ કાંઈ નવો નથી થયો; પર્યાયમાં પહેલાં ન હતો ને પ્રગટ્યો તે અપેક્ષાએ નવો છે પણ શક્તિમાં તો આવો વૈભવ સદાય હતો તે સર્વજ્ઞદેવે બતાવ્યો. અહા, આવા સત્ સ્વભાવનું ઘોલન—મનન કરવા જેવું છે. આ સ્વભાવનું ઘોલન કરતાં કરતાં પર્યાયમાં તે પ્રસિદ્ધ થાય છે એટલે કે અનુભવમાં આવે છે. ભગવાન આત્મા મહા ચૈતન્યપદાર્થ છે, એની મોટાઈનો પાર નથી. એની પ્રતીતિ કરવામાંય કોઈ અચિંત્ય પુરુષાર્થ છે. એની પ્રતીતિ કરીને જ્યાં સમ્યગ્દર્શન થયું ત્યાં તે પરમાત્મા થઈ ગયો, 'હું પરમાત્મા જ છું' એવી એની દૃષ્ટિ થઈ, પરમાત્મપણું પોતામાં જ દેખ્યું. પર્યાયની અધૂરાશ ગૌણ થઈ ગઈ ને દૃષ્ટિમાં કૃતકૃત્યતા થઈ—આનું નામ ધર્મ ને આનું નામ મોક્ષમાર્ગ !

આત્મામાં સર્વજ્ઞતા વગેરે પૂર્ણ પર્યાય પ્રગટવાની તાકાત છે તે કોઈ પરના અવલંબને નથી; પોતે જ સાધક છે, પોતે જ સાધન છે ને સાધ્ય પણ પોતામાં જ છે. આત્માનું બધું આત્મામાં જ સમાય છે. અરૂપી આત્મામાં અપાર વૈભવ ભર્યો છે. બહારમાં રૂપી પદાર્થોના જે પૂંજ દેખાય છે તેના કરતાં તેને દેખનારા અરૂપી આત્માની શક્તિ ઘણી મહાન છે. લોકાલોકની સામે જોયા વિના જેના જ્ઞાનમાં લોકાલોક ઝળકે—એવો ભગવાન આત્મા જ લોકમાં ઉત્તમ પદાર્થ છે. જડને તો જડના વૈભવનીયે ખબર નથી ને આત્માના વૈભવની પણ ખબર નથી. આ ચૈતન્યવૈભવધારી આત્માને જ સ્વના ને પરના વૈભવની ખબર છે. ભલે કરોડો—અબજોની કિંમતનો હીરો હોય—પણ એ જડ—હીરાને ખબર નથી કે હું આટલો

કિંમતી છું ! એની ખબર તો આ ચૈતન્યહીરાને જ પડે. જગતના બધાય જડ 'હીરા' ભેગા થાય તોપણ તેમાંથી ચૈતન્યનો એક કણિયો પણ થઈ શકે નહિ, એવો આ ચૈતન્યહીરાનો વૈભવ છે. જગતને જડનો વૈભવ દેખાય છે પણ પોતાનો ચૈતન્યવૈભવ દેખાતો નથી. જેના એક અંશમાં લોકાલોક ઝળકે એવી અનંત ચૈતન્યશક્તિનો ધણી આત્મા છે. 'આવો આત્મા હું છું'–એમ જેની દૃષ્ટિમાં આવ્યું તેની દૃષ્ટિમાં ક્યાંય રાગનું–દેહનું–વાણીનું કે પરનું મહત્વ રહેતું નથી એટલે સ્વ તરફ જ તેની પરિણતિ ઢળતી જાય છે.—આવી સમ્યગ્દૃષ્ટિની દશા છે. સમ્યગ્દર્શન થયું એટલે તો ભગવાનના ભેટા થઈ ગયા; પોતાને પામર–અલ્પ માન્યો હતો તે મટી ગયું ને પરમાત્મપણે પોતાને ઓળખ્યો, તેનું પરિણમન હવે પરમાત્મા થવા તરફ વળ્યું....થોડા જ વખતમાં તે સાક્ષાત્ સર્વજ્ઞ–પરમાત્મા થશે.

—આ છે સર્વજ્ઞત્વશક્તિવાળા આત્માની ઓળખાણનું ફળ ! *(ક્રમશઃ)*

❃

(અનુસંધાન પેઈજ નંબર ૧૬ થી ચાલુ)

તેં બધું કર્યું, યમ, નિયમ, ધ્યાન, ઉપવાસ, મૌન, હઠયોગ વગેરે કર્યાં પણ કરવાનું કાંઈક જુદું જ બાકી રહી ગયું છે. માટે સદ્‌ગુરુ બતાવે છે તે માર્ગે તું ચાલજે. તે માર્ગ કોઈક જુદો જ છે.

આત્મા પ્રાપ્ત ન થાય તો ભાવના કરવી. હું જુદો છું–જુદો છું, ચૈતન્ય છું, આ કોઈ રાગાદિ મારા નથી, હું તો શાશ્વત છું એવી ભાવના રાખજે પણ ઉતાવળ કરીશ નહિ. થોડું ધ્યાન કરીને મને પ્રકાશ દેખાણો તેવા કોઈ માર્ગે તું જઈશ નહિ.

જગતમાં ઘણી–ઘણી ભ્રમણાઓ છે. કોઈના દેવાથી સમ્યગ્દર્શન મળે નહિ. સમ્યગ્દર્શન અનંત કાળે થવું દુર્લભ છે, તે કોઈ આપી શકે તેમ બને નહિ. પોતાને અંદરથી લગની લાગે, તે પોતે જ અંદરથી છૂટો પડે અને ભેદજ્ઞાનની ઉગ્રતા થાય તો જ સમ્યગ્દર્શન થાય. તે ન થાય તો તેની અપૂર્વતા અને મહિમા કરજે. મહિમા કરીશ તો નજીક આવી જઈશ, ઉતાવળ કરવાથી ને બીજે ક્યાંક માની બેસવાથી ઊલટું નુકસાન થશે.

ગુરુદેવ પાસેથી બધાએ સાંભળ્યું છે. ગુરુદેવે કોઈ અપૂર્વ કહ્યું છે. સમકિત દુર્લભ છે પણ પુરુષાર્થ કરે તો સુલભ છે અને ક્ષણમાં થાય તેવું છે. પુરુષાર્થ કરે તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ છ મહિનામાં તે પ્રાપ્ત થાય છે. તે ન થાય તો ઉતાવળ ન કરવી, બીજા માર્ગે જવું નહિ, શ્રદ્ધા બરાબર કરવી.

❃



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભકિતપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

✿ શ્રોતા :—પૂજ્ય ગુરુદેવનું ટેપરેકોર્ડેડ પ્રવચન સાંભળતાં તથા આત્મધર્મ વાંચીએ ત્યારે ઊંડાણથી એમ થાય છે કે આત્મા પ્રાપ્ત કરી લેવો જ છે પણ પછી પ્રયત્ન ચાલતો નથી!

પૂજ્ય બહેનશ્રી :—આત્મા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પ્રયાસ કર્યા કરવો, થાકવું નહિ. વાંચવું, વિચારવું, મહિમા કરવી ને વારંવાર તેનો અભ્યાસ કરવો કે હું ચૈતન્ય જુદો છું.

જેમ ભગવાનના મંદિરનાં બારણાં ન ખૂલે ત્યાં સુધી ભગવાનના મંદિરે ટહેલ મારે ને ટહેલ મારવી ન છોડે–તો ભગવાનના મંદિરનાં બારણાં ખૂલતાં દર્શન થાય છે, તેમ હું ચૈતન્ય છું, બીજું કાંઈ હું નથી એમ વારંવાર અભ્યાસ કરે તો જરૂર આત્માના દર્શન થાય. જ્યાં સુધી આત્માના દર્શન ન થાય ત્યાં સુધી ઉતાવળ કે આકુળતા ન કરે પણ તેની મહિમા કરે.

✿ શ્રોતા :—કેટલાક ત્રણ દિવસમાં આત્મા આપવાની વાત કરે છે, તો તે શું હશે?

પૂજ્ય બહેનશ્રી :—કોઈથી આત્મા દેવાતો નથી, પોતે જ પુરુષાર્થ કરે તો પ્રાપ્ત થાય, પોતાને પોતાથી જ આત્મા ગ્રહણ થાય. કોઈની ભૂલ ન રહે એ રીતે ગુરુદેવે માર્ગ ઘણો સ્પષ્ટ કર્યો છે. આવી ભેદજ્ઞાનની વાત કરનારા કોઈ નથી. શરીરથી ને શુભાશુભ વિકલ્પથી આત્મા જુદો છે એવી વાત ગુરુદેવે સ્પષ્ટ કરી. ગુરુદેવે કહ્યું છે કે ક્યાંય ભૂલ ખાતો નહિ, એક ચૈતન્યને ગ્રહણ કરી લેજે. કાર્ય થોડું થાય તેમાં નુકસાન નથી પણ ખોટે માર્ગે જઈશ નહિ. “કરી જો શકે પ્રતિક્રમણ આદિ ધ્યાનમય કરજે અહો” અને ન થાય તો ઉતાવળ કરીશ નહિ, થોડા શુભભાવમાં માની લઈશ નહિ કે મને આત્મા પ્રાપ્ત થયો છે. આત્મપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી શ્રદ્ધા બરાબર કરજે કે માર્ગ તો આ જ છે. બીજો માર્ગ ગ્રહણ કરીશ નહિ. શ્રીમદે કહ્યું છે ને કે—

યમ-નિયમ-સંયમ આપ કીયો; પુનિ-ત્યાગ-વિરાગ અથાગ લહ્યો.
વનવાસ રહ્યો, મુખ મૌન રહ્યો; દ્રઢ આસન પદ્મ, લગાય દીયો.

(જુઓ અનુસંધાન પેઈજ નંબર ૧૫ ઉપર)

**શ્રી પુષ્પદંત-કવિકૃત**

# યશોધર ચરિત્ર

(ગતાંકથી ચાલુ)

આ બંને બાળકો આનંદયુક્ત પ્રશંસાયોગ્ય, વિદ્યાધરોના ઈન્દ્ર અથવા નાગેન્દ્રનું પાતાળ ભેદીને આવ્યા છે અથવા આ મધ્યલોકની લક્ષ્મીને જોવા સ્વર્ગમાંથી સુરેન્દ્ર અથવા પ્રભાધન ચંદ્રમા આવ્યો છે અથવા બાળકનો વેષ ધારણ કરી મુરારી મહાદેવ કે કામદેવ એ બે માંથી કોઈ આવ્યું છે અથવા અવ્યક્ત રૂપ ધારણ કરી ધૃતિ, ક્રાંતિ, લક્ષ્મી, શાંતિ સહિત અનેક સિદ્ધિની પૃથ્વી છે અથવા યશનું સ્થાન, ગુણોની શ્રેણિ, દુઃખનાશક કવિઓની વાણી અને પુણ્યની ભૂમિ છે. આ ઉપશાંત બદન શાંતમૂર્તિ શું મનુષ્યનું રૂપ ધારણ કરી મારી પરીક્ષા કરવા અહીં આવી છે અથવા મારા કોઈ સંબંધી દીક્ષા ગ્રહણ કરી સંસારનો અંત કરવા અહીં ઉપસ્થિત થયા છે! ઈત્યાદિ ચિંતવન કરતાં મહારાજ મારિદત્તે પુનઃ પ્રગટરૂપથી ક્ષુલ્લકને પ્રશ્ન કર્યો.

મહારાજ :—અહો મહાનુભાવ! આપ કોણ છો? શું રાજ્યથી ભ્રષ્ટ થઈને શત્રુનાં ડરથી ભોગવી રહેલા સુખને છોડીને અહીં આવ્યા છો કે ક્યાંકના રાજપુત્ર છો જે નારાજ થઈને પોતાનો વેશ બદલીને ગુપ્ત રીતિથી અહીં આવ્યા છો? અને આ શાંતમૂર્તિ મહારૂપવતી કુળાનંદદાયિની કન્યા કોની પુત્રી છે? અહો! આ બાળઅવસ્થામાં વ્રતપૂર્વક દીક્ષા, ઘરે–ઘરે ભિક્ષા અને મહાન ગુણોની પરીક્ષા એકથી એક અદ્‌ભુત લાગે છે.

હે રાજકુમાર! હે મુનિ!! આ અમારા શુદ્ધ અને કીર્તિ ગૃહસ્વરૂપ શ્રેષ્ઠ નગરમાં આ કુમારી સહિત આપ કેવી રીતે પધાર્યા? તે આપની પાપનાશક અને સુખદાયક કથા જણાવશો.

મહારાજ મારિદત્તના આવા વચનો સાંભળીને ક્ષુલ્લક મહારાજ નૃપતિને હર્ષોત્પાદક આ પ્રકારે કહેવા લાગ્યા :

ક્ષુલ્લક :—રાજન્! જેવી રીતે અંધની સામે નૃત્ય, બહેરાની સમીપ ઉત્તમ ગાન, નપુંસક પુરુષ પ્રતિ તરુણ બાળાના કટાક્ષોનું નિક્ષેપણ, લવણ રહિત વિવિધ પ્રકારનું વ્યંજન, અજ્ઞાનીઓમાં તીવ્ર તપનું આચરણ, નિર્બળનું શરણ, શુભ ધ્યાન રહિત પરંતુ અતિ રૌદ્ર સહિત પુરુષનું સમાધિમરણ, નિર્ધનનું નવયૌવન, કૃપણનું ધન સંચય કરવું, નિઃસ્નેહીમાં કામનીય-કામિનીનું રમણ, અપાત્રને દાન, મોહરૂપ ધૂળથી ધૂસરિત મનુષ્યને ધર્મનું વ્યાખ્યાન, દુષ્ટસ્વભાવી પુરુષથી ગુણોનું વર્ણન તથા રણમાં રુદન જેમ વૃથા–નકામું છે, તેમ આપની સન્મુખ અમારું ચારિત્ર કહેવું વ્યર્થ છે કેમ કે જે ગુરુ શુદ્ધ વચનો દ્વારા જિનેન્દ્રને નહીં માનતા પુરુષને પરમાગમનું કથન કરે

છે તે ગુરુ શુદ્ધ દૂધને સર્પના મુખમાં આપીને પોતાનો જ નાશ કરે છે.

ક્ષુલ્લક મહારાજ હજી કહેવા લાગ્યા કે રાજન્! જેમ મૂર્છિત પુરુષને શીતલ જલ અને પવનથી સચેત્ત કરવામાં આવે છે, તેવી જ રીતે ઉપશાંત પુરુષને ધર્મોપદેશ દેવામાં આવે છે; પરંતુ જેવી રીતે શુષ્ક વૃક્ષનું સિંચન વ્યર્થ છે, તેવી જ રીતે અવિનયીને સંબોધન પણ વ્યર્થ છે.

નૃપવર! મારી જે કથા છે તે ધર્મવિદ્યાનો ઉપદેશ છે, જે ઉત્તમ પુરુષોને શ્રવણ અને પૂજનયોગ્ય છે, એ કારણે જો મારા ચરિત્રનું શ્રવણ કરવા ચાહો તો શાંતચિત્ત થઈને શ્રવણ કરો.

આ પ્રકારના અભયરુચિ કુમાર ક્ષુલ્લકના વચનો સાંભળીને ઉપશાંત હૃદય બનીને મહારાજ મારિદત્તે ભંભા, ભેરી, દુંદુભિ અને પ્રચંડ ડમરૂના શબ્દોનું નિવારણ કરી, મનુષ્યોના હિંસાના વિનોદનું નિરાકરણ કરી વિનયપૂર્વક ક્ષુલ્લક મહારાજને ફરી પ્રાર્થના કરી :

મારિદત્ત :—હે દયાપાલક! હે સ્વામિન્! તમારી આજ્ઞાનુસાર અત્યારે સમસ્ત સભા સાંભળવા સ્તબ્ધ થઈ રહી છે. હે શ્રમણેશ! જુઓ, બધા મનુષ્યો વિનય સહિત તમારી વાણીની અભિલાષાથી કેવા બેઠા છે કે માનો પ્રવીણ ચિત્રહારના રચેલા ચિત્ર જ છે. હવે તમે તમારા ચરિત્રનું વર્ણન કરો.

ક્ષુલ્લક :—નૃપવર! જો તમારી પૂર્ણ અભિલાષા હોય તો હું મારું ચરિત્ર કહું છું તેને એકાગ્રચિત્તથી શ્રવણ કરો.

હે પૃથ્વીપાલ મહારાજ મારિદત્ત! દુષ્ટ શ્રુતાનુભૂત રહસ્યનું તમારી સન્મુખ વર્ણન કરું છું. આ જ જમ્બુદ્વીપના ભરતક્ષેત્રમાં પૃથ્વીના તિલક સમાન અવન્તી નામનો દેશ છે. એ રમણીક અવન્તી દેશમાં સ્વર્ગપુરી સમાન ઉજ્જયિની નામની નગરી છે. આ નગરીનો રાજા મહા પ્રતાપી યશોર્ધ હતો.

તે ક્ષત્રીયકર્મનો ધરનાર યશોર્ધ રાજા યૌવનાવસ્થામાં એવો શોભતો હતો માનો ગુણોનો સમૂહ કે તપનો પ્રભાવ કે પુણ્યનો સમૂહ કે કલાનો સમૂહ કે કુળનું આભૂષણ કે યશનો ભંડાર કે ન્યાયનો માર્ગ કે જગતનો સૂર્ય જ હોય.

એ યશોર્ધ નામના પૃથ્વીપાલકને કામની વિદ્યા, કામની શક્તિ, કામની દિપ્તિ, કામની કીર્તિ, કામબાણોની પંક્તિ અને કામના હાથની વીણા સમાન ચંદ્રમતિ નામની મહારાણી હતી. એ મહારાણીના ઉદરથી સુકવિની બુદ્ધિથી કાવ્યાર્થની જેમ 'યશોધર' નામનો (હું) પુત્રરત્ન જન્મ્યો.

રાજન્! જ્યારે હું બાલ્યાવસ્થામાં આવ્યો ત્યારે પહેલાં તો મારી ઉંમરના બાળકો સાથે ઘરમાં જ રમવા લાગ્યો. પછી જ્યારે ભણવાયોગ્ય થયો ત્યારે મારા માતા–પિતાએ યોગ્ય

અધ્યાપકની પાસે મને ભણવા માટે રાખ્યો. ત્યાં પહેલાં તો વર્ણમાત્રાદિ ક્રમનું શિક્ષણ પ્રાપ્ત કરી ત્યારબાદ ક્રમપૂર્વક વ્યાકરણ, કોષ, ન્યાય, કાવ્ય, છન્દ, અલંકારમાં નિપુણ થયો. પછી મેં જ્યોતિષ, સામુદ્રિક, વૈદ્યકનો અભ્યાસ કર્યો. ત્યારબાદ સંગીતવિદ્યા તથા નવરસ યુક્ત નૃત્યકલા અને વાજિંત્ર વગાડવાની વિદ્યામાં પણ જ્યારે પ્રવીણ થઈ ગયો ત્યારે રત્નપરીક્ષા, ગજરાજ, ઘોટક, વૃષભ આદિ પશુઓની પરીક્ષાના શાસ્ત્રોનું મનન કર્યું.

ત્યારબાદ ચિત્રલેખન અને કાષ્ઠકર્મનો પણ અભ્યાસ થઈ ગયો. ત્યારબાદ હાથી, ઘોટક આદિ આરોહણ, ધનુષવિદ્યા, યુદ્ધકલા, મલ્લવિદ્યા, જલ તરણ આદિ અનેક કળાઓમાં પ્રવીણ થયો. ધરાનાથ! જ્યારે મેં લાવણ્યરૂપ જળથી સીંચેલી તરુણતામાં પ્રવેશ કર્યો ત્યારે જોકે હું અંગ સહિત હતો છતા અનંગ (કામદેવ) સમાન દેખાતો હતો. જ્યારે મારા પિતાને હું યુવાન થયો એમ લાગ્યું ત્યારે રૂપ–લાવણ્યની સરિતા સમાન પાંચ રાજકન્યાઓ સાથે મારા લગ્ન કર્યા. હું પણ સુખસાગરમાં એવો મગ્ન થયો કે વ્યતીત થતાં સમયને જરાય પણ ન જાણી શક્યો. ત્યારબાદ મારા પિતા વૈરાગ્ય પામ્યા.

યશોર્ધ મહારાજ ચંદ્રમાના કિરણ સમાન ઉજ્જ્વલ કેશને જોઈને ચિંતવન કરવા લાગ્યા :—અરે દુઃખ! રતિરૂપ સપત્નીને મથવાવાળી અને દુર્ભાગ્યની રાશી આ વૃદ્ધાવસ્થાએ શું મારા વાળને ગ્રહણ કરી લીધા? આ સફેદ વાળ જ મારી વૃદ્ધાવસ્થાનું સૂચક છે. આ વૃદ્ધાવસ્થામાં મુખમાંથી જે લાળ પડે છે તે એવી જણાય છે કે જાણે પુરુષના શરીરમાંથી શક્તિ જ લાળનું રૂપ લઈને નીકળી રહી છે તથા વૃદ્ધના મોઢામાંથી જે દાંત પડે છે તે જાણે કે પાપોદયથી પુણ્યની સૃષ્ટિ જ પડી રહી છે.

આ વૃદ્ધાવસ્થામાં કામિનીની ગતિ સમાન દૃષ્ટિ મંદ થઈ જાય છે, એ સમયે હાથમાં લાકડી સ્થિર નથી રહેતી. તે સત્ય જ છે કે નવી આવેલી જરારૂપી વનિતાના સંસર્ગથી લાકડી રૂપી સ્ત્રી કેવી રીતે સ્થિર રહી શકે? આ વૃદ્ધાવસ્થામાં કુકવિના કાવ્યની જેમ પગ પણ ચાલતાં નથી અર્થાત્ જેવી રીતે કુકવિના કાવ્યના પદ ચાલતાં નથી તેવી રીતે વૃદ્ધ પુરુષના પગ પણ નથી ચાલી શકતા.

વૃદ્ધ પુરુષના શરીરમાંથી જે લાવણ્યતા નષ્ટ થાય છે તે એવી જણાય છે કે માનો જરારૂપ સરિતાના અભંગ તરંગોથી ધોયેલી છે.

યશોર્ધ મહારાજ વિચારવા લાગ્યા કે દેશ, કોષ, શાસ્ત્ર, સેના, અમાત્ય, ગઢ અને મિત્ર—એ રાજ્યનાં સાત અંગ તથા બે હાથ, બે પગ, નિતંબ-કુલા, પીજ અને મસ્તક –એ શરીરના આઠ અંગ કોઈના પણ ત્રણ ભુવનમાં શાશ્વત સ્થિર નથી રહેતા. તેથી હું ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આંકિચન્ય અને બ્રહ્મચર્ય—એ દશ ધર્મોનું પાલન કરું છું અને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય તથા પરિગ્રહત્યાગ એ પાંચ મહાવ્રતોને ધારણ કરું છું.

મેં મારી અજ્ઞાનતાથી વિષય-ભોગોમાં મગ્ન થઈને પોતાના કુટુંબીઓના સ્નેહમાં તલ્લીન થઈને આટલો સમય વ્યર્થ બગાડ્યો. મેં આ વાતનો કિંચિત્ પણ વિચાર ન કર્યો કે આ પંચેન્દ્રિયના વિષયો વિષમિશ્રિત મિષ્ટાન્નની જેમ પ્રાણઘાતક અને દુર્ગતિઓમાં લઈ જઈને અનેક દુઃખોને પાત્ર બનાવે છે.

યશોર્ધ મહારાજે એમ પણ વિચાર્યું કે આ પુત્ર, મિત્ર, કલત્ર આદિ સમસ્ત કુટુંબસમૂહ સ્વાર્થપરાયણ છે એનો વિચાર કર્યા વગર તેમના સ્નેહમાં ફસાઈને ઉચિતનો વિચાર ન કરતાં પાપ કાર્યોમાં તત્પર થઈ રહ્યો હતો પણ હવે સર્વ કાર્યોનો ત્યાગ કરીને જિનદીક્ષા ગ્રહણ કરીને મહાન તપશ્ચરણ કરી સંસાર-ભ્રમણથી નિવૃત્ત થઈ જઈશ ઈત્યાદિ વિચાર કરીને મહારાજ યશોર્ધે સમસ્ત રાજ-કર્મચારીઓને પોતાનો આંતરિક વિચાર જણાવ્યો. તે સમયે સમસ્ત કર્મચારીગણ જોકે પોતાના હૃદયમાં ખૂબ જ દુઃખી થયા પરંતુ મહારાજને દ્રઢ જોઈને કાંઈપણ કહેવાનું સાહસ ન કરી શક્યા અને મહારાજની આજ્ઞાનુસાર બધી જ સામગ્રી ભેગી કરીને યશોધરને–મને બોલાવીને રાજ્યતિલક કર્યો. ત્યારબાદ યશોર્ધ મહારાજે જૈન પથના પથિક બનીને વન પ્રતિ ગમન કરી જૈનાચાર્યની સમીપ જૈનેશ્વરી દીક્ષા પ્રાપ્ત કરી.

રાજન્! યશોર્ધ મહારાજ તો કામરૂપ મદના વિઘાતક હોઈ શિવરાજ્ય અર્થે પ્રયત્ન કરવા લાગ્યા. યશોધરે–મેં વૃદ્ધ મંત્રીઓની સહાયતાથી આન્વીક્ષિકી રાજવિદ્યા દ્વારા ઈન્દ્રિયવિજયી જ્ઞાન પ્રાપ્ત કર્યું. ત્રયી નામની વિદ્યાથી બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય અને ક્ષૂદ્ર એ ચારેય વર્ણોના આચાર–વિચાર જાણ્યા; દંડનીતિ નામની વિદ્યાથી ખોટા મદયુક્ત દુષ્ટોને યોગ્ય દંડનું સ્વરૂપ જાણ્યું અને વાર્તા નામની વિદ્યાથી ધનાદિ સંચયની રીતિ–નીતિનું શિક્ષણ પ્રાપ્ત કર્યું.

ત્યારબાદ લોકનીતિજ્ઞ અને ધર્મજ્ઞ વૃદ્ધ પુરુષોનાં સંસર્ગથી દ્યૂત, માંસ, સુરા, વૈશ્યા, ચૌર્ય અને પરાંગના–એ સાત વ્યસનોનો ત્યાગ કરી ક્રોધ, મોહ, માન આદિ કર્મોનું વિસર્જન કર્યું.

નૃપવર! એ સમયે યશોધર–હું કામવિનોદનું નામમાત્ર સેવન કરતો હતો તોપણ હર્ષોત્પાદક અંગોથી નિશ્ચિત દૂર રહેતો હતો. મંત્રીઓ દ્વારા વિગ્રહ, યાન, આસન, આશ્રય આદિ રાજ્યના અંગોનું જ્ઞાન જે સમયે મારા હૃદયમાં સ્ફુરાયમાન થવા લાગ્યું તે જ સમયથી ભૃત્યસમૂહ કાંપવા લાગ્યા તથા નિજ કાર્યોમાં તત્પર થવા લાગ્યા. જે મારાથી ડરતા હતા તે નગર–ગ્રામના નિવાસ છોડીને અરણ્યમાં વાસ કરવા લાગ્યા. જે દુષ્ટ મંત્રીઓના બહકાવેલા રાજા રણાંગણમાં યુદ્ધ માટે આગળ આવ્યા તે ચંચળ વિજળી સમાન લુપ્ત થઈ ગયા તથા જે નમ્ર ધરાધીશ હતા તે સુખ પૂર્વક નિજ જીવિતવ્ય વ્યતીત કરવા લાગ્યા.

નૃપવર! રણાંગણમાં યશોધરે–મેં દુર્નિવાર તલવારની ધારથી બીજા રાજાઓનો નાશ કર્યો અને દિશાઓમાં ફેલાતા પોતાના તેજથી સૂર્ય અને ચંદ્રમા પર વિજય પ્રાપ્ત કર્યો.

રાજન્! રાજા યશોધર નિજ સ્ત્રીના પ્રેમમાં આસક્ત–ચિત્ત થતો એમ વિચારવા લાગ્યો કે સ્વચ્છમતિ, હંસગતિ, મારી પ્રિય ભાર્યા અમૃતમયી મારા હૃદયમાં વાસ કરતી નેત્રના ટિમકાર માત્ર વિરહથી વ્યાકુળ થઈ જાય છે તો હું પણ તેની સાથે ભોગ ભોગવીશ; પછી ભલે નૃપપૂજ્ય રાજ્ય નષ્ટ થઈ જાય, ચાહે લક્ષ્મી ઉપર વજ્રપાત થાય, ચાહે શરમ નષ્ટ થઈ જાય પણ એ હૃદયવાસિનીથી એક ક્ષણમાત્ર પણ પૃથક્ નહીં થાવ. ગુણોના સમૂહથી યુક્ત અને યશ તથા જપનું ધામ એવા યશોમતિ નામક નિજપુત્રને રાજ્ય સિંહાસન પર સ્થાપીને રાજ્યભાર તેને જ સમર્પણ કરીને પછી ઈષ્ટ પ્રાપ્તિ માટે અમૃતરતિના ઘરે જઈને એ પ્રિયતમા સહિત વિલાસ કરીશ અને તેની સાથે જ ઇચ્છિત ભોજન પણ કરીશ.

એ સુકોમળ મનોહરમુખી પ્રિયા સહિત નિર્જન વનમાં વાસ પણ ઉત્તમ છે, સમસ્ત સુખોનું કારણ અને લક્ષ્મીનો નિવાસ છે પણ પ્રિયતમા વિના સ્વર્ગનો વાસ પણ સારો નથી ઇત્યાદિ અનેક વિચાર કરવા લાગ્યા. *(ક્રમશઃ)*

❑

અધ્યાત્મવિદ્યાસ્થલી સોનગઢમાં—

## ❀ ધાર્મિક શિક્ષણવર્ગ ❀

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધના-સ્થલી શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૯૯મી જન્મજયંતી (તા. ૩૦-૭-૨૦૧૨ થી તા. ૩-૮-૨૦૧૨)ના મંગલમય અવસર પ્રસંગે અધ્યાત્મવિદ્યાના પ્રૌઢ શિક્ષણાર્થી મહાનુભાવો માટે તા. ૨૮-૭-૨૦૧૨, શનિવારથી તા. ૧૬-૮-૨૦૧૨, ગુરુવાર—વીસ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખેલ છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે.

સૂચના :—બહાર ગામથી આવતા શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખેલ છે.

**રૂા. ૧૧,૦૦૦/– સ્વ. અરૂણભાઈ ચીમનલાલ સંઘવી હસ્તે ધર્મપત્ની અનીલાબેન તથા પુત્ર ભવી સંઘવી U.S.A. તરફથી આ અંકના પ્રકાશનાર્થે આર્થિક સહયોગ મળેલ છે.**

**શ્રી હિંમતલાલ વાલજીભાઈ ડગલી, વિંછીયા, શ્રી રૂપાળીબેન તથા અમરચંદભાઈ વાલજીભાઈ ડગલી, લંડન હસ્તે પૌત્ર ડૉ. મીલન (મયંક) પૌત્રી વિમલ, અલીપ્તા તથા શ્રી જિનબાળ અમરચંદ ડગલી તરફથી ભગવાન બાહુબલી મુનિન્દ્રની ભવ્ય પ્રતિમાના સુવર્ણપુરીમાં આગમન મહોત્સવની ખુશાલીમાં જૂન માસના આત્મધર્મ અંકના પ્રકાશનાર્થે આજીવન સ્પોન્સર તરીકે સહયોગ મળેલ છે.**

# પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કૃપાપાત્ર બ્ર. દયાબેનની ચિરવિદાય

વાત્સલ્યતા, ભક્તિ, સમર્પિતતા, નમ્રતા, સરળતા, તત્ત્વરસ, વૈરાગ્યપ્રેમ આદિ અનેક સદ્‌ગુણોથી વિભૂષિત આત્માર્થી બ્ર. દયાબેન શિવલાલ મહેતાનો સ્વર્ગવાસ અત્યંત શાંત પરિણામપૂર્વક, પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય બહેનશ્રીના ધર્મોપકાર પ્રત્યે ભક્તિભીના અહોભાવની, ભવના અભાવની તથા સમ્યક્ત્વ પામવાની ભાવના સાથે તા. ૨૧-૪-૨૦૧૨(ચૈત્ર વદ અમાવસ્યા)ના રોજ થયેલ છે.

બ્ર. દયાબેન ૧૯ વર્ષની નાની ઉંમરે પૂજ્ય કૃપાળુ ગુરુદેવશ્રીની મંગલવાણીથી પ્રભાવિત થઈ સુવર્ણપુરી આવ્યાં હતાં. પૂજ્ય બહેનશ્રીના વૈરાગ્યમય પવિત્ર જીવનથી પ્રભાવિત થઈને પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય બહેનશ્રીના સત્સંગ તથા ધાર્મિક તત્ત્વાભ્યાસ માટે નિવૃત્તિમય જીવન અર્થે સર્વપ્રથમ બ્ર. દયાબેન સહિત છ કુમારિકા બહેનોએ વિ.સં. ૨૦૦૫માં પૂજ્ય ગુરુદેવશ્રી પાસે આજીવન બ્રહ્મચર્ય-પાલનની પ્રતિજ્ઞા લીધી હતી. તેઓ ૯૦ વર્ષની ઉંમર સુધી એકધારું પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય ભગવતીમાતાની શીતળ છાયામાં આત્માર્થપોષક જીવન જીવ્યાં. દેવ-શાસ્ત્ર-ગુરુની મંગળ સેવાનો ઉલ્લસિતભાવે અણમોલ લાભ લીધો. તેમને શાસ્ત્ર-સ્વાધ્યાયનો ખૂબ રસ હતો. અધ્યાત્મશાસ્ત્રોની સાથે સાથે ધવલ આદિ શાસ્ત્રોના પણ અભ્યાસી હતાં. તેમના પર પૂજ્ય ભગવતી માતાજીની અપાર કૃપા હતી.

તેમના ચિરવિયોગથી બ્ર. બહેનોને, મુમુક્ષુ મહિલાસમાજને, સંસ્થાને તથા સોનગઢના મુમુક્ષુઓને મોટી ખોટ પડી છે. તેમનો સ્વર્ગસ્થ આત્મા પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીના પવિત્ર સત્સમાગમ તથા પોતાની ધર્મરુચિના પ્રતાપે શીઘ્ર સમ્યગ્દર્શન અને આત્માનુભૂતિ પામી શાશ્વત સુખપદ—મોક્ષને પામો—એ જ તેમના પ્રતિ પ્રશસ્ત ભાવના.

---

ખંડવાનિવાસી શ્રી શાંતિલાલ હુકમચંદજી સરાફ (—તે બ્ર. સુબોધબેનના મોટાભાઈ) (વર્ષ-૮૨) તા. ૨૬-૨-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સોનગઢ સ્થાયી રહેવાની ભાવના હતી.

રાજકોટનિવાસી (હાલ મુંબઈ) મૃદુલાબેન (કાંતાબેન) ગુલાબચંદ મહેતા (વર્ષ-૮૪) તા. ૬-૩-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વાંકાનેરનિવાસી (હાલ-મુંબઈ) શ્રી અરૂણભાઈ ચીમનલાલ સંઘવી (—તે સ્વ. શ્રી સુરેશભાઈના નાનાભાઈ) તા. ૧૦-૪-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

રાજકોટનિવાસી (હાલ બોરીવલી) શ્રી સુશીલાબેન ચત્રભુજ શાહ (—તે શ્રી ભરતભાઈ-બોરીવલીના માતુશ્રી) (વર્ષ-૮૯) તા. ૨-૬-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્યશ્રીના જૂના અનુયાયી હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી સમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

✻ **આદ્રા નક્ષત્ર** :–તા. ૨૧-૬-૨૦૧૨, ગુરુવારના રોજ રાત્રિ ૧૦-૧૯ વાગ્યે પ્રારંભ થાય છે.

**નન્દીશ્વર-અષ્ટાહ્નિકા** :—અષાઢ સુદ ૭, મંગળવાર તા. ૨૬-૬-૨૦૧૨ થી અષાઢ સુદ ૧૫, મંગળવાર તા. ૩-૭-૨૦૧૨—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' અને અધ્યાત્મતત્ત્વ-જ્ઞાનોપાસનાપૂર્વક ઊજવવામાં આવશે.

**વીરશાસન જયંતી** :—અષાઢ વદ ૧ તા. ૪-૭-૨૦૧૨ બુધવાર ભગવાન મહાવીરની દિવ્યધ્વનિ છૂટવાનો દિવસ છે. આ પર્વ પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

**શ્રી જૈન સ્વાધ્યાયમંદિરનો મહામાંગલિક હીરકજયંતી મહોત્સવ તા. ૧૫–૧૧–૨૦૧૨, ગુરુવારથી તા. ૧૭–૧૧–૨૦૧૨, શનિવાર (કારતક સુદ–૨થી સુદ–૪) સુધી વિવિધ કાર્યક્રમો સહ સુવર્ણપુરીમાં ભવ્ય રીતે ઊજવવાનું નક્કી થયેલ છે. જેની વિસ્તૃત વિગત પછી આપવામાં આવશે.**

રૂા. ૧૦,૦૦૦/– સ્વ. મનુભાઈ પાનાચંદ કામદાર, વડોદરા હસ્તે શ્રી નવમાલિકાબેન મનુભાઈ કામદાર તરફથી આ અંકના પ્રકાશનાર્થે આર્થિક સહયોગ મળેલ છે.

શ્રી મીરા પ્રવીણચંદ્ર ઘડીયાળી તથા શ્રી મંથન અમીત ડગલી, લંડન, શ્રી રૂપાળીબેન તથા અમરચંદભાઈ વાલજીભાઈ ડગલી, હસ્તે પૌત્ર ડૉ. મીલન (મયંક) પૌત્રી વિમલ, અલિપ્તા તથા શ્રી જિનબાળ અમરચંદ ડગલી, લંડન તરફથી સ્વાધ્યાયમંદિર ઉદ્દ્ઘાટનના ૭૫મા વાર્ષિક દિન પ્રસંગે આ અંકના પ્રકાશનાર્થે આજીવન સ્પોન્સર તરીકે સહયોગ મળેલ છે.

વઢવાણનિવાસી શ્રી રમણીકલાલ લાલચંદ દોશી પરિવાર—ઘાટકોપર

હસ્તે સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશી દ્વારા

## અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સોનગઢમાં સાનંદ ઊજવવામાં આવનાર

## પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની

# ૯૯મી જન્મજયંતી

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત, ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દેવગુરુમહિમા તથા સ્વાનુભૂતિમાર્ગપ્રકાશિની ઉપકાર-કિરણાવલી આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી રહે છે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા તેઓશ્રીની ૯૯મી જન્મજયંતી આ વર્ષે વઢવાણનિવાસી શ્રી રમણિકલાલ લાલચંદ દોશી પરિવાર, ઘાટકોપર હસ્તે શ્રીમતી સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશીના સૌજન્યથી અતિ આનંદોલ્લાસ સહ ઊજવવામાં આવશે. પૂજ્ય બહેનશ્રીની આ ૯૯મી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)નું આયોજન તા. ૩૦-૭-૨૦૧૨, સોમવાર થી તા. ૩-૮-૨૦૧૨, શુક્રવાર—પાંચ દિવસ સુધી શ્રી તીન ચૌવીસી વિધાન પૂજા, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમસહ સંપન્ન થશે. આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની આનંદોત્સાહવર્ધક પંચપરમાગમ-અનુવાદરૂપ શુભ ઉપકારછાયામાં સંપન્ન થવાવાળા આ પંચાહ્નિક અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક ટેપ-પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ, તા. ૨૮-૭-૨૦૧૨થી તા. ૧૬-૮-૨૦૧૨—વીસ દિવસ સુધી ચાલનાર ધાર્મિક શિક્ષણવર્ગ—ઈત્યાદિ અનેકવિધ કાર્યક્રમનો પણ સમાગત મુમુક્ષુ મહેમાનોને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિ:શુલ્ક રાખવામાં આવેલ છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા અમારો હાર્દિક અનુરોધ છે.

સૂચના :—નિમંત્રણપત્રિકાની શુભ લેખનવિધિ સોનગઢમાં તા. ૧-૭-૨૦૧૨ રવિવારના દિવસે રાખવામાં આવેલ છે.

નિમંત્રક :

શ્રી રમણિકલાલ લાલચંદ દોશી પરિવાર, ઘાટકોપર

હસ્તે સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશીના

જય જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ શ્રોતા :—આત્માનો અનુભવ ન થાય ત્યાં સુધી તો શુભ વ્યવહાર કરવો ને?

પૂજ્ય ગુરુદેવ :—અનુભવ ન થાય તો અનુભવ કરવાનો અભ્યાસ કરવો. છોકરો સાતમા ધોરણમાં પાસ ન થાય તો પાસ થવાનો અભ્યાસ કરે પણ વેપાર કરવાથી કાંઈ પાસ થાય? ૬૧૪.

❀ શ્રોતા :—ભગવાનની વાણીથી તો ઘણા જીવોને લાભ થયો છે.

પૂજ્ય ગુરુદેવ :—અરે પ્રભુ! ઈ પોતાની મોટપ એને ભાસી નથી એટલે પરથી લાભ માને છે. ૬૧૫.

❀ એને મનુષ્યપણું તો અનંતવાર પૂર્વે મળ્યું છે. સત્ પુરુષના યોગમાં પણ ઈ પૂર્વે અનંતવાર ગયો છે પણ ઈ પોતાના સ્વભાવના યોગમાં પૂર્વે એક ક્ષણ પણ ગયો નથી. કોઈ દિવસ સ્વભાવમાં બળ કર્યું નથી. ૬૧૬.

❀ શ્રોતા :—અનુભવ પહેલાં રાગ રહિત નિર્ણય લેવાય?

પૂજ્ય ગુરુદેવ :—વિકલ્પ રહિત નિર્ણય એ જ ખરો નિર્ણય છે, પરંતુ પહેલાં પણ જરી ઈ વાત લેવાય. બાકી તો વ્યવહારની વાતો બધી એમ જ આવે. હા પાડ એમ જ કહેવાય. સમયસારની પહેલી જ ગાથામાં સિદ્ધની સ્થાપના કર એમ કહ્યું છે ને! વળી સાંભળો, સાંભળો, એમ પણ ઉપદેશ આવે છે ને! પણ શું સાંભળવાથી જ્ઞાન થાય છે? પણ વ્યવહારના કથનો બધા એમ જ આવે. અનુભવ પ્રકાશમાં કહ્યું છે ને—શ્રદ્ધા તે સાધન અને અનુભવ થવો તે સાધ્ય.

શ્રોતા :—ઈ વિકલ્પવાળી શ્રદ્ધાની વાત છે ને?

પૂજ્ય ગુરુદેવ :—હા, પહેલાં વિકલ્પવાળી શ્રદ્ધા હોય છે, પરંતુ એનાથી કાર્ય થતું નથી. પરંતુ કાર્ય થતાં પહેલાં હોય છે તેથી વ્યવહારથી એમ જ બધી વાતો આવે. ૬૧૭.

❀ મારા સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં પરનો અભાવ છે—એમ નિર્ણય કરો અને પછી મારા સ્વભાવમાં વિભાવનો પણ અભાવ છે.—એમ નિર્ણય કરો. ૬૧૯.

આત્મધર્મ
જૂન-૨૦૧૨
અંક-૧૦ * વર્ષ-૬

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## ❀ હું રાગરૂપે થાઉં છું એ તો મિથ્યાત્વની માન્યતા છે ❀

આખો ચૈતન્યપ્રભુ સમાધિ અને શાંતિથી ભરેલો છે. તેને જ્યાં જ્ઞેય કરીને દૃષ્ટિમાં પકડ્યો ત્યાં લેવાયોગ્ય બધું લઈ લીધું અને છોડવાયોગ્ય બધું છૂટી ગયું. બાપુ! તને તારા ઘરની ખબર નથી. બધાને જાણવું એ તારા ઘરમાં છે, કોઈનું કરવું એવું તારા ઘરમાં નથી. રાગને કરવું અને પરનું કરવું એ તારું કામ નથી. પરનું કરવું તો જીવને ન જ હોય કેમ કે પ્રત્યેક પદાર્થ પોતાના સ્વકાળના પરિણમનમાં પરિણમે છે પણ રાગનું કરવું પણ જીવને નથી કેમકે જીવ તો ચૈતન્ય-જ્યોત છે. રાગરૂપે થવું એ જીવનો સ્વભાવ નથી. હું રાગરૂપે થાઉં છું એ તો મિથ્યાત્વની માન્યતા છે. ભગવાનની ભક્તિનો રાગ મારો છે એ માન્યતા પણ મિથ્યાત્વ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**